



Book
8G1 Gata
Dalaga
55922

# ગાતાં ઝરણાં



કર્તા :

"ગની" દહીંવાલા

પ્રાપ્તિસ્થાન

ગોપીપુરા, સુભાષચોક, સૂરત

કર્તા:

**ગની**

સુરત



(કૃતિઓના સર્વ હક્ક કર્તાને સ્વાધીન છે)


જેમનો હું ઋણી છું એવાં મારી કૃતિઓને
મમત્વપૂર્વક પ્રકટ કરનાર કેટલાંક પત્રોનાં નામો

કુમાર, સંસ્કૃતિ, પ્રજાબંધુ, સારથિ, બે ઘડી મોજ, ગુજરાતી, મુંબઈ સમાચાર, સંસ્કાર, પ્રવાસી, વતન, બેગમ, લીલા, વીસમી સદી, ક્રેસન્ટ, ચિરાગ, કિતાબ, પટેલ મિત્ર, બહાર તથા (સ્થાનિક) ગુજરાત મિત્ર, પ્રતાપ, ગુજરાત વિ.


55922



પ્રકાશક:
'ગની કાવ્ય-સંગ્રહ પ્રકાશન સમિતિ' વતી
ગની દહીંવાલા,
ગોપીપુરા, સુભાષ ચોક, સુરત

મુદ્રક:
ધ્રુવકુમાર ન. માલવી,
ગાંડીવ મુદ્રણાલય,
હવાડિયો ચકલો, સુરત

## મિત્રો અને મુરબ્બીઓને

હતી એ અલ્પતા ધરતીને ખૂણે,
ગગનગામી હતો જેનો વસીલો.
"ગની" કોનું હશે સદ્‌ભાગ્ય એવું!
મળે આ દોસ્ત ને આવા વડીલો.

# કવિ અને કલાકાર

જીવનનો કોઈ પ્રસંગ કે પ્રકૃતિનું કોઈ દૃશ્ય, જીવનના પ્રસંગોનું કે પ્રકૃતિનાં દૃશ્યોનું કોઈ વૈચિત્ર્ય જોઈ હરકોઈ સંસ્કારી માણસને કશુંક સંવેદન થાય છે અને એ સંવેદનમાં એ શાન્તિ, સમતા, આમોદ, ઉલ્લાસ, ઉત્સાહ કે ગમગીની અનુભવે છે. વિશિષ્ટ રસવૃત્તિનો કે અતીવ વેદનાશીલ માણસ એવું સંવેદન કે સ્ફુરણ કે સ્પન્દન અનુભવીને બેસી નથી રહેતો, તેને પોતામાંથી છૂટું પાડવા મથે છે, એને તટસ્થતાથી નિહાળે છે, અને પોતાની રસવૃત્તિના કે સ્વભાવના વલણ અનુસાર કે ઘડતર અનુસાર પોતાની વિદગ્ધતા કે તાલીમ અનુસાર, તે સ્ફુરણને પૂરું સમજવા, પૂરું ઉતારવા, શબ્દ, રવ, આકાર, રંગ, પથ્થર, આદિ વાપરે છે. કવિની વૃત્તિવાળો માણસ પોતાના પેલા આગ્રહી, આકાર લેવા માગતા અનુભવને શબ્દોમાં ઉતારે છે, શબ્દોમાં તે બરાબર ઊતરી રહે ત્યારે જ તેને મૂળ અનુભવમાં શું રહસ્ય છુપાએલું હતું તે સમજાય છે. કવિ શબ્દમાં પોતાનો ભાવ ઉતારે છે એનો અર્થ એ કે શબ્દની શકિત જેમાં ઉત્તમ રીતે જળવાય વા ઊતરે એવા શબ્દસ્વરૂપમાં—શબ્દોના આકારમાં તે ભાવને એ ઉતારે છે. મતલબ કે કોઈ વિશિષ્ટ લયવાળી શબ્દરચનામાં ઉતારે છે. ભાવ કે ઊર્મિ કે અનુભવનું સ્વરૂપ એવું ડહોળાયેલું, આતુર, આકુલ અને મસ્ત હોય છે, કે એને ચોક્કસ લયમાં ઉતારવાનું ના હોય તો ભાષાની ભેખડ તોડીને વીખરાઈ જાય. માટે જ કવિ ચોક્કસ છંદરચના પોતાના કાવ્ય માટે રાખે છે, જેથી પોતાના ભાવને યથેચ્છ સંયમ પણ મળે અને વેગ પણ મળે. આ કર્મનું તાત્પર્ય એ કે કવિતા એ અર્થની અનુભૂતિની, ઊર્મિની કલા છે. અર્થથી જ એ સાર્થક છે. એ અર્થ એક ચોક્કસ અનુભૂતિનો, ભાવોર્મિનો, ભાવવિશેષ(mood)નો છે. એ સાર્થકતા ના હોય તો કોઈ કાવ્ય કાવ્ય જ બનતું નથી. કવિતા એ શબ્દની કળા છે કારણ કે કવિનું વલણ કે શિક્ષણ અનુભવને વધારે સફળ રીતે શબ્દમાં ઉતારી શકે છે, અથવા એમ કહો કે એની અનુભૂતિ એવી છે કે એને માટે શબ્દ અને છંદ પસંદ કરો તો જ તે ઠીક નિરૂપાય, કિંવા બરાબર કવિને પોતાને જ સમજાય.

કાવ્ય શબ્દની કળા છે કારણ કે કવિને આવિષ્કાર માટે શબ્દ અનુકૂળ છે. શબ્દ વિના તેનો અર્થ પ્રકટ થઈ શકે તેમ નથી પણ તત્ત્વત: તો કાવ્ય—કાવ્ય તો શું સર્વ કળા અર્થની કળા છે, ભાવોર્મિની કળા છે. કલ્પના કે વિચારના વૈચિત્ર્યની કળા છે.

આટલું સ્પષ્ટ સ્વીકારીએ તો કવિનો ધર્મ પ્રગટ થશે. જે ઊર્મિ સ્વકીય હોય અને આગ્રહી હોય તે જ આવિષ્કારને યોગ્ય કહેવાય. કલાના પરમ પ્રયોજન—આનંદ કે તલ્લીનતા-સિવાયનું પ્રયોજન તેના સર્જનને પ્રસંગે હોય નહિ, કોઈ સિદ્ધાંત સ્થપાયાના ઈરાદાથી, કોઈ લોકને ઇષ્ટ એવી માગણીના પોષણ અર્થે, અથવા કામાદિવિષયક લાગણીઓને આડકતરી રીતે સંતોષવા કે ઉત્તેજવા લખેલી કવિતા બીજા વર્ગની કવિતા થઈ જાય. ઊર્મિને કે અનુભૂતિને એકાગ્ર કરી તટસ્થ રીતે નિહાળી, યોગ્ય શબ્દને લય કે છંદમાં ઉતારવી જોઈએ. ભાષાના સ્વરૂપને તથા છંદના સ્વરૂપને (પછી છંદ ગમે તે પસંદ થયા હોય; અલબત્ત, એ છંદ પણ અર્થને અનરૂપ જ હોય) બરાબર જાળવવામાં આવે તો જ મૂળ સ્ફુરણાને ફરી ફરી ચિંતન કરવા યોગ્ય રૂપ મળ્યું કહેવાય. અનુભવનું મૂળ સ્વરૂપ માણવું હોય તો તેને અણીશુદ્ધ આકાર મળવો જોઈએ, જેથી તમે તેનો વિવશ વિહ્વળ કે આકુળ થયા વિના વિમર્શ કરી શકો.

જેની અર્થ ઉપર, ઊર્મિના સ્વરૂપ ઉપર નિષ્ઠા નથી તે કવિ નથી. જેને ભાષાવિષયક કે છંદવિષયક આગ્રહ નથી તે સાચો કલાકાર નથી. કલાકારમાં જેટલું ઊર્મિનું—સાચી ઊર્મિનું, કહેવાતા જોસ્સાનું નહિ—બળ જોઈએ તેટલું શબ્દાકારમાં તેને મૂકતાં ધૈર્ય જોઈએ.

ભાઈશ્રી ગનીને મારી અંતઃકરણની શુભેચ્છા પાઠવું છું.

તા. ૧૮–૮–'૫૨
મ. ઠા. બા. કૉલેજ
સુરત

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

# દર્દીલી મધુરપ

'ગની' ગુજરાત મારો બાગ છે, હું છું ગઝલબુલબુલ,
વિનયથી સજ્જ એવી પ્રેમ-બાની લઈને આવ્યો છું.
ઊડીને જેમ સાગરનીર વર્ષા થઈને વરસે છે;
જીવન ખારું, છતાં દૃષ્ટિ કળાની લઈને આવ્યો છું.
('લઈને આવ્યો છું')

ગુજરાતના બાગમાં સદ્‌ભાગ્યે છેલ્લા એક સૈકાથી ખાસ કરીને છેલ્લી વીશીમાં અનેક ગઝલબુલબુલોનો નાદ ગુંજી રહ્યો છે. ભાઈ 'ગની'ને તેમાં મધુર કંઠની બક્ષિસ મળેલી છે. એમને જેમણે સાંભળ્યા હશે, તેમને એ મંજુલ હલક દ્વારા રેલાતી હૃદયની સરળ દર્દીલી મધુરતાની ચોટ વાગી જ હશે.

ગઝલ એ વિરહની દર્દમય ખુમારીને લલકારવા માટે ઘણું અનુકૂળ વાહન છે. કવિ સૂચવે છે કે પ્રેમની–વિરહની વેદના તો એક માનવી જ ઉપાડી શકે:

એ સૂરજ, ચંદ્ર, સિતારાઓ, એ આકાશે ફરનારાઓ,
આ ધરતી પર ચાલી તો જુઓ જ્યાં સાંજસવારે ચાલું છું.
('જીવનપંથે')

એ પૂરું જાણે છે કે

હૃદયમાં પ્રેમની પધરામણી સાથે વ્યથા આવી.
('વારતા આવી')

એ વ્યથા કોઈ પોતાના જેવો જ ઉપાડી શકે એવી એની માન્યતા છે:

મારી વિપદને કોઈની જીભ ઉપર મૂકી જુઓ.

('કથાનો સાર છે')

વિરહમાં આશા–નિરાશા વચ્ચે ઝોલાં ખાતું હૃદય આ કૃતિઓમાં ઠીક છતું થયું છે.

ચમકંત સિતારા ડૂબી ગયા, નભમંડળ પણ વિખરાઈ ગયું;
ઓ આશ, હવે એ ના આવે, પોઢી જા, વ્હાણું વાઈ ગયું

('વ્હાણું વાઈ ગયું')

અને છતાં આશાનો ધબકાર નીચેની પંક્તિઓમાં કેવી ચમત્કૃતિભરી રીતે ચીતરાયો છે!—

પ્રત્યેક શ્વાસ કહી રહ્યો કે કોઈ આવનાર છે,
જાવું હો જિન્દગી! તો જા, મુજને લગીર વાર છે.

('કથાનો સાર છે')

પ્રેમીની મહત્ત્વાકાંક્ષાને તે કોઈ પાર છે? હમણાં તો આશાને પ્રિયતમાનું નામ મૂકી દેવાનું કહીને હમૂરી દીધી હતી અને પળવાર પછી પાછા કેવા તો ગગનસ્પર્શી ઓરતા જાગે છે! પ્રિયતમા સામે થઈને બોલાવે ને પોતે હું નહિ આવી શકું એમ કહી શકે એવી તક માટે એ ઝંખે છે:

હે પરવશ પ્રેમ! શું એવો પ્રસંગ એક વાર ના આવે?
એ બોલાવે મને ને હું કહું, 'આવી નથી શકતો!'

('આવી નથી શકતો')

પણ પરવશ ન હોય તો એ પ્રેમ શેનો? પ્રેમમાં, ઉપર કહી તેવી બેફામ મહત્ત્વાકાંક્ષા સેવનારાઓ શું પામે છે એ જાણવું છે? 'ગની'ને પૂછી જુઓ:

મારી સામે જોઈ મોઢું ફેરવી લેવું અને
પૂછવું પરને 'ગની' કાં આજ દેખાતા નથી?

('દેખાતા નથી?')

એ બોલાવવા કહેણ મોકલે ને પોતે એ કહેણ પાછું ઠેલે–એ વાત તો કોરે રહી. પોતે ગયા. પણ એણે તો આંખ ચોરી, અને ઉપરથી બીજાને પૂછ્યું : 'ગની' કાં આજ દેખાતા નથી ? આ આટલો સવાલ પણ પોતાને જ સીધો પૂછ્યો હોત તો જાણે ધન્યધન્ય થઈ જાત ! પણ સવાલ એવો છે કે પોતાને પૂછી ન શકાય. ઊલટું બીજા સાથે વાત કરવા માટેની તક તરીકે પોતાનો ઉપયોગ થાય છે, અને એમ ઉપેક્ષામાં ઈર્ષ્યા ઉમેરાય છે.

એની એકલતા, અને એકલતા ન નિવારી શકાય તો કાંઈ નહિ પણ એ સંકોરાય નહિ એવી યાચના, જુઓ:

પ્રત્યક્ષ સુણી છે આ ચર્ચા મેં તારલિયાની ટોળીમાં:
રાત્રિએ અવિરત જાગે છે આ એક બિચારો શા માટે?
વર્ષોથી 'ગની' નિજ અંતરમાં એક દર્દ લઈને બેઠો છે;
છો એનું તમે ઔષધ ન બનો પણ દર્દ વધારો શા માટે?
('શા માટે ?')

આ બધાં કારસ્તાન જુવાનીનાં છે એમ સમજાતાં હૃદયને આશ્વાસન કેવું સહૃદય રીતે આપવામાં આવ્યું છે!—

તને થઈ પડી ત્રાસ મારી યુવાની,
ન રડ દિલ! હશે એ જ મરજી ખુદાની.
('મારી યુવાની')

યુવાનીની કસૂરોની શિક્ષામાંથી છટકવાની કવિની દલીલ તો જુઓ. (એ કાંઈ ઓછી જ ચાલવાની છે ?)—

મદમસ્ત યુવાનીની શિક્ષા ઘડપણને મળે એ ન્યાય નથી,
તોફાન થયું છે ભરદરિયે, સપડાય કિનારો શા માટે?
('શા માટે ?')

યુવાની બુદ્ધિને થાપ આપે છે, પણ બુદ્ધિની આ લાચાર સ્થિતિને પ્રેમી ધનભાગ્ય માને છે:

ધનભાગ્ય! જીવનના ઉંબર પર દીવાનગીએ પગલાં માંડયાં,
બુદ્ધિને હવે રહેવું હો તો લાચાર બનીને રહેવું છે.
('મયખાર બનીને રહેવું છે')

પણ આ પ્રેમની દીવાનગીએ એને એક નવી શક્તિ બક્ષી છે. જગતને આત્મ-સ્વરૂપ જોવાની કળાની બારાખડી એ પામી ચૂક્યો છે:

જ્યારથી અંતરની ભાષા વાંચતાં શીખ્યો છું હું,
જેનું પુસ્તક જોઉં છું મારું કથાનક હોય છે.
('આત્મબળ')

લક્ષ્યને પામવા વિષેની નિરર્થક તાલાવેલીમાંથી, ઝંખનાના ડંખમાંથી, એ છૂટી ગયો છે:

થાકીને ઢળી જ્યાં દેહ પડે બસ ત્યાં જ હશે મંઝિલ મારી.
('જીવનપંથે')

આ સ્થિતિ પામીને મૃત્યુને કેટકેટલું પચાવ્યું છે!

જિંદગી એવા ય શ્વાસો લઈને જીવ્યો છું 'ગની,'
કૈંક વેળા આ જગત મારા વિનાનું થઈ ગયું.
('બહાનું થઈ ગયું')

આમાંની અત્યુક્તિ પણ કેવી મનોરમ છે!

પ્રેમ, વિરહ, આશાનિરાશા, મૃત્યુ,—આ બધાંમાંથી ઊડતી સુગંધ, સુન્દરતા, એ સ્તો ધરાની સૌથી મોટી અસ્કયામત છે. કવિ બુલંદ સૂરે ગર્વભેર પુકારે છે:

હૃદયના ભાવ પાંખે કલ્પનાની લઈને આવ્યો છું,
સિતારાઓ, સુણો કથની ધરાની લઈને આવ્યો છું.
('લઈને આવ્યો છું')

કવિ પૂજાલાલનું એક મુક્તક છે:

તણાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીના,
સિંધુના ઉરમાંથી તો ઊડશે અમીવાદળા.

(પ્રથમ પંક્તિ ગઝલની રીતે વાંચી ગયા, નહિ ને? અનુષ્ટુપ અરબી છંદરૂપે પણ વાંચી શકાય એ રીતે એ પંક્તિમાં ગોઠવાઈ ગયો છે.) પૂજાલાલ ધ્વનિરૂપે રાખે છે, 'ગની' એને કળાદૃષ્ટિનું નામ આપે છે:

ઊડીને જેમ સાગર નીર વર્ષા થઈને વરસે છે,
જીવન ખારું, છતાં દૃષ્ટિ કળાની લઈને આવ્યો છું.

એક જ ભાવ બંનેએ પોતપોતાની રીતે કેવો સુંદરતાથી ગાયો ! ખારાશ જીરવીને બીજાને માટે સંજીવનીસમી વર્ષા વરસાવવી એ જ તો જીવન-કળા છે. (જીવનનો અર્થ પાણી અને જિન્દગી બંને થાય છે.) આ કળાદૃષ્ટિ કળાકારને કોઈ ને કોઈ શ્રદ્ધામાંથી સાંપડે છે. આપણા કવિ બુલંદ સ્વરે ખુમારીથી ગાય છે તેમ શ્રદ્ધાનો પ્રત્યુત્તર પણ કેવો અદ્‌ભુત સુંદર મળે છે :

શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને;
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.

55,૫૨૨

ઉપર ભાઈ 'ગની'ની ભાવસમૃદ્ધિનો આછો આલેખ આપ્યો, તેમાંથી એમની કવિત્વશક્તિનો પણ કાંઇક ખ્યાલ જરૂર આવશે. ગઝલ એ અનોખો કાવ્ય-પ્રકાર છે, જેમાં હરેક શેર (કડી) પાણીદાર મોતી જેવું હોય એ જરૂરી છે. ઉપર અલબત્ત, ચૂંટેલા શેર રજૂ થયા છે, એટલે એવા જ બધા શેર છે, અથવા આખી ને આખી ગઝલો બધી ઉત્તમ છે એવું સૂચવવાનો આશય નથી. પણ ભાઇ 'ગની'ની શક્તિનો અંદાજ એ ઉપરથી આવી જશે એવી અપેક્ષા છે જ. 'ચમન માટે,' 'કિનારા પર,' 'લઇને આવ્યો છું,' 'જીવનપંથે,' 'શા માટે ?'-જેવી ગઝલો સળંગ રચના તરીકે આ લખનારની જેમ અન્ય કાવ્યરસિકોને પણ માતબર લાગશે એવી આશા છે. પોતે આજીવિકા માટે જે વ્યવસાય કરે છે તે ઉપરથી રચેલું 'પ્રિયતમા' પણ સૌને ગમી જશે જ.

ગઝલ અને બીજી કૃતિઓના છંદ વિષે મારા કરતાં કોઈ જાણકાર અધિકારી કહી શકે. પણ એક વસ્તુ તરફ-ઉચ્ચાર તરફ અહીં નોંધ કરું છું. અરબી છંદો લઘુ-ગુરુ એમ માત્રાબળથી સમજી શકાય છે છતાં એમાં વજન (stress) ને સ્થાન લાગે છે, એટલે એ રીતે પંક્તિમાં શબ્દોનો ઉચ્ચાર થવો જોઈએ. આપણી ભાષામાં આવી ગુંજાયશ છે એટલું જ નહિ, પણ ભવિષ્યમાં છંદોના વિકાસમાં આવી વજન ઉપર વધુ લક્ષ આપતી ઉચ્ચારપદ્ધતિ ઘણો ફાળો આપી શકે એવી છે. એક પંક્તિ જુઓ :

છે નામનોૅ આ ગૃહૅસ્થાશ્રમ પણ ઠરવાનોૅ વિસામો ક્યાંય નથી

આમાં 'હ' થડકારથી ગુરુ થવા દેવાનો નથી. અને એ 'ઓ'નો લઘુ ઉચ્ચાર થાય છે. 'નામનો'ને, મળતો (આ ઉપર ભાર ન આવે એવો) ઉચ્ચાર થાય તો એમાંના 'ઓ' નો લઘુ ઉચ્ચાર કરવાની જરૂર ન રહે......પણ આ ઉચ્ચારો તો ગઝલના લયના વેગમાં આપોઆપ વજન પ્રમાણે થઈ જવાના. એની લાંબી ચર્ચા અહીં જરૂરી લાગતી નથી.

ગઝલ સિવાયની કૃતિઓમાં બે ગીતો ખાસ નોંધપાત્ર છે. બલકે ભાઈ 'ગનીની' ઉત્તમ કૃતિઓમાંની એ બે છે: એક તો 'સરિતાને' અને બીજું 'ભિખારણનું ગીત.' પહેલું ગીત જોઈ ટાગોરની એક 'નદી' કરીને રચના છે તે મને યાદ આવી. એમાં એક કવિ નદી તટે બેઠોબેઠો નદીમાં ઊઠતાં અસંખ્ય મોજાં જોયાં કરતો હોય એમ નાની નાની કાવ્યપંક્તિઓની એક પરંપરા ટાગોરે લહેરાવી છે. 'સરિતાને' નદીના વેગને અને ગાનને લક્ષ્ય કરીને ચાલે છે, આપણને નદી સાથે માનસયાત્રા કરાવતાં કરાવતાં એ પંક્તિઓના ગુંજન દ્વારા જ સરિતાનું ગાન જાણે કે કાનોકાન સંભળાવે છે:

વૃક્ષો ઝૂમે, ડાળી ઝૂમે,
કાંઠાની હરિયાળી ઝૂમે.
નૃત્ય કરે સૌ જંતુ જળનાં,
ફરે ફૂદરડી નીર વમળનાં;
તાલ સ્વયં તું, ગાન સ્વયં તું,
સુણવા કાજે કાન સ્વયં તું;
ગીત રહી ના જાય અધૂરું,
થાય પ્રલયના પાને પૂરું.

મત્ત પવનની લહેરો સાથે લહેરાતી મદમાતી,
તું રહેજે સરિતા ગાતી.

'ભિખારણનું ગીત' એક ખરે જ સુંદર રચના છે, ગગનવિહારિણી આશા અને હૃદય કંપાવનારી વાસ્તવિકતા–એ બંને ઉપર એકએક આંખ રાખીને કવિ ગાય છે.

ભિખારણ ગીત મઝાનું ગાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય,
ભિખારણ ગીત મઝાનું ગાય:

"મારા પરભુ મને મંગાવી આપજે સોનારૂપાનાં બેડલાં,
સાથ સૈયર હું તો પાણીડાં જાઉં, ઊડે આભે સાળુના છેડલા."

એના કરમાંહે છે માત્ર,
ભાંગ્યું તૂટ્યું ભિક્ષા પાત્ર.
એને અંતર બળતી લાય,
ઊંડી આંખોમાં દેખાય.

એને કંઠે રમતું ગાણું, એને હૈયે દમતી હાય.
ભિખારણ ગીત મઝાનું ગાય.

એ શું ઝંખે છે?

"મારા પરભુ, મને મંગાવી આપજે અતલસ અંબરનાં ચીર,
પે'રી ઓઢીને મારે ના'વા જવું છે ગંગાજમનાને તીર."

વળી માગે છે:

"શરદ પૂનમનો ચાંદો પરભુ, મારે અંબોડે ગૂંથી તું આપ.
મારે કપાળે ઓલી લાલ લાલ આડશ ઉષાની થાપી તું આપ."

એના શિર પર અવળી આડી
જાણે ઊગી જંગલ ઝાડી.
વાયુ ફાગણના વિંઝાય,
માથું ધૂળ વડે ઢંકાય.

એના વાળે વાળે જૂઓ, બબ્બે હાથે ખણતી જાય.
ભિખારણ ગીત મઝાનું ગાય.

કેવી ભીષણ વાસ્તવિકતા! અને છતાં એની આકાંક્ષા શી ગુંજી ઊઠે છે!—

"સોળે શણગાર સજી આવું, પરભુ, મને જોવાને ધરતી પર આવજે.
મુજમાં સમાયેલ તારા સ્વરૂપને નવલખ તારાએ વધાવજે!"

આ એક ગીતમાં પણ કવિની કવિત્વશક્તિનો પૂરો પરિચય આપોઆપ મળી રહે છે.

ભાઈ 'ગની'ની રચનાઓ પ્રસિદ્ધ કરવાની વ્યવસ્થા કરનાર સૂરતની 'શ્રી ગની કાવ્યસંગ્રહ પ્રકાશન સમિતિ'ને અભિનંદન ઘટે છે. એ આખા ખ્યાલમાં જ સ્નેહની સુવાસ છે, કવિતા છે. આપણે સામાન્ય રીતે મોડા જાગીએ છીએ અને સ્મારકો રૂપે સાહિત્યને ગ્રંથસ્થ કરીએ છીએ. ઘરઆંગણે પડેલી શક્તિને આ રીતે વેળાસર ઓળખી શકાય તો વધુ સારું, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. ભાઈ 'ગની' ઉત્તરોત્તર વધુ ને વધુ રસભર કૃતિઓ આપતા રહેશે એવી સદ્‌ભાવના.

તાપીતટે માંડવી
મે ૨૦, ૧૯૫૩

ઉમાશંકર જોષી

# પક્ષપાત

ભાઈ "ગની" પ્રત્યે મને પક્ષપાત છે. મુશાયરામાં અનેક વખતે એમને પોતાની કવિતા ગાઈ સંભળાવતા મેં સાંભળ્યા છે અને આનન્દ અનુભવ્યો છે. એમની કવિતા છૂટક છૂટક વર્તમાનપત્રોમાં અને સામયિક પત્રોમાં પ્રકટ થયેલી મારા જોવામાં આવી છે, અને એમના નામ સાથે જોડાયેલી કોઈ પણ રચના વાંચી જવાની લાલચ હું કદી રોકી શક્યો નથી.

એઓ શ્રીમાન્ નથી, અને પદવીધારીઓને જ જો વિદ્વાન્ કહેવાતા હોય તો એ અર્થમાં વિદ્વાન્ પણ નથી. એમનો અભ્યાસ ચારપાંચ ચોપડીઓનો જ છે. પણ શ્રીમાનને જેનું ભાન નથી હોતું તે શ્રી વિનાનાંઓની વિપત્તિઓ તથા વેદનાઓનું એમને તીવ્ર ભાન હોય છે. લૂખી પંડિતાઈથી જે નથી આવતી તે વાસ્તવિક દર્શનની વિમલ શક્તિ એમને સહજ છે. સંસારની વિષમતાઓ અને વિટંબણાઓ એમના હૃદયમાં કોમળ અને સાત્ત્વિક ભાવો જગાડે છે, એમની કલ્પનાને સતેજ કરે છે, એમના હૃદયને દ્રવતું કરે છે, એમની વાણીને બળ અર્પે છે. પરિણામે વાચકના હૃદયને પણ ભાવભીનું, દ્રવતું અને રસતરબોળ એ કરી શકે છે. ખરેખર, ભાઈ "ગની"ને "શ્રમજીવીઓના કવિ" તરીકે ઓળખાવવામાં આવે છે તે યોગ્ય જ છે.

પરન્તુ આ નાનકડો સંગ્રહ આપણને પ્રતીતિ કરાવે છે કે અમુક વિષય કવિને લાડકો હોય છતાં એ એક જ વિષયમાં કવિની પ્રવૃત્તિ મર્યાદિત રહેતી નથી. જગત્, જીવન, પ્રેમ અને પ્રભુ—જગત્ જેની સનાતન શોધમાં મશગુલ રહ્યું છે તે 'સનમ' એ સર્વ એમના હૃદયમાં ઊર્મિઓ જગાડે છે. સાધુ પુરુષની સાધુતા, સેવાપરાયણતા, અને સત્યાભિમુખતા એમને નમાવે છે. તકસાધક દુર્જનોની સત્તાપ્રવણતા, સ્વાર્થલોલુપતા અને દંભવૃત્તિ એમને કંપાવે છે. કડવાશ, કલહ અને કંકાસ એમને કંટકસમાન ખૂંચે છે. વિશ્વશાન્તિની ઝંખના એમને પ્રફુલ્લ બનાવે છે. એમના આન્તર અનુભવો એમને જે સંવેદનો કરાવે છે તે અનુરૂપ વાણીમાં વ્યક્ત થતાં તેમાં આપણે સચ્ચાઈનો મીઠો રણકાર સાંભળીએ છીએ અને મુગ્ધ થઈએ છીએ. મુશાયરામાં એમને પોતાની કવિતા ગાતાં સાંભળવા એ પણ હું જીવનની લ્હાણ સમજું છું.

એમનો ધંધો દરજીનો છે. કાળજીપૂર્વક, બરાબર માપ લઈને સીવેલાં કપડાં હોય તો જ પહેરનારને તે ફાવે છે, તેની શોભા વધારે છે, તેને સુખ આપે છે. તેનામાં 'અસ્મિતા'નું ભાન પ્રકટાવે છે. કવિતા પણ એટલી જ કાળજીથી રચાય અને તેની રચનાના નિયમો ચીવટાઈથી પળાય ત્યારે વાંચનારને કે સાંભળનારને તે ગમે છે, સાહિત્યની શોભાને તે વધારે છે, આનન્દનો આસ્વાદ તે કરાવે છે, અને ગુર્જરીના ગૌરવને તે પોષે છે. કાવ્યકળાનો આ ઊંચો આદર્શ ભાઈ "ગની" સેવી રહ્યા છે, એ આદર્શની સિદ્ધિ માટે એ ચિન્તાતુર રહ્યા છે. ઉત્તરોત્તર એમની કાવ્યકળા વિકસશે એવો મને એમની એ ચિન્તાતુરતામાં વિશ્વાસ છે.

આ પ્રકાશનનો સત્કાર એમને ઉત્તેજિત કરે અને એથી પણ ચઢિયાતાં કવનો કરવાને એઓ ઉત્સાહ રાખે એમ હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું.

૨૦–૭–'૫૩
ખપાટિયા ચકલો,
સૂરત

મોહનલાલ પાર્વતીશંકર દવે

# બે સુયોગો

એ હકીકત છે, કે ગુજરાતી ગઝલ-પ્રવૃત્તિ કિંવા ગુજરાતને ગઝલમય કરવાની મુશાએરિહ-ચળવળ હમણાં તેની પચ્ચીસીમાંથી પસાર થઈ રહી છે, તેના કોઈ પણ કાર્યકર કે સંબંધિતનું લક્ષ દોર્યા વિના સરકી જઈ રહી છે. તેથી જ કદાચ, એક આવશ્યક અને કાર્ય-સાધક, ઉપયોગી અને અમલી જુબીલી-ઉજવણી એળે વહી જઈ રહી છે.

પ્રવૃત્તિની પા સદીની કાર્યવાહી અને સેવા, તેણે જગાડેલ રસ અને લક્ષ, કરેલ કામની ખૂબીઓ અને ખામીઓ, કરવા જોઈતા છતાં નહિ કરેલ કામની રૂપ-રેખા, સર્જેલ નવા કાવ્ય-વાતાવરણના ઉપયોગો પ્રયોગોની વિગતો, ગુર્જર કાવ્ય-સૃષ્ટિમાં વહેવડાવેલ નહેરો અને લહેરો તથા પ્રવાહો અને વહનોનાં ફળદાઇ સિંચનોનું નિર્માણ, એ વગયરહની વિચારણા અને તુલનાની, તેના હિસાબ તથા કિતાબની આ ધન-ઘડી છે. જુબિલીની એવી નકકર ઉજવણી, સંબંધિત શાઈરો અને ગઝલકારોની એક જવાબદારી છે, કે જેથી તેમનાં કાવ્ય-સૃજનમાં ખાહ-મ-ખાહ પ્રવર્તી રહેલી વિચાર અને વાણીની ઉલટફેર તથા અંધાધુંધ, સુવયવસ્થા અને સુમેળ અને સ્થિરતામાં ફેરવાઈ જાય; કે જેથી તેમની ગઈકાલની મૂડીનું આવતી કાલે ઉત્પાદન ફળે અને મઝદૂરીનું વેતન મળે; કે જેથી જનતા તેમને જેટલી દિલચસ્પી અને દિલલગીથી સાંભળે વાંચે છે, તેટલી સમજ અને બુદ્ધિથી તેમની કૃતિઓ અપનાવે, પચાવે પણ; કે જેથી જે મૌલિકતા અને નવીનતા તેઓ ગુર્જર સાહિત્યને ઉત્સાહથી આપી રહ્યા છે તે ભાનપૂર્વક પણ અપાય અને તેની એક સંગીન કળા, એક સુન્દર મતા પણ બની જાય. કારણ કે એ નક્કી છે કે ગઝલ, ગુર્જર હૃદયોમાં કાએમી કબ્જો પણ જમાવી ચૂકી છે અને ગઝલ-સાહિત્ય, ગુર્જરીનું એક સ્થાયી અંગ પણ બની ગયું છે.

એવી કોઈ આલોચના કે તુલના આ જુબીલી પ્રસંગમાંથી પ્રેરાઈ રહી નથી. તેથી-કહો કે ત્યાં સુધી **ગની** સાહિબના ગઝલ-ગુલિસ્તાનમાંથી વીણી અને વણીને ગૂંથવામાં આવેલી આ કાવ્ય-કુસુમમાળા જ તેનું સ્થાન લઈ લે છે. આપણી ગઝલ-રસિક જનતા માટે તે ઘણે અંશે પ્રસંગસર પણ સાબિત થશે-એ અર્થમાં, કે તે, તેને માટે જે કંઈક નવી અને અનોખી છે એવી આ વસ્તુનું વાતાવરણ આપશે, તેનું કલેવર દેખાડશે; તેની ભાષા પરિભાષા અને શૈલિ સરણીનો પરિચય કરાવશે. ખરેખર એવા રંજનીય વાંચન દ્વારા મળેલ-આપ મેળે જ મેળવેલ-થોડોક વધુ, થોડો નવો, થોડોક તાઝો આભાસ પણ તેની એ વિષેની સમજદારી તીવ્રતર બનાવી શકે છે.

*   *   *

"ગાતાં ઝરણાં" એક પક્વતર "ગની"ની આગાહી આપે છે. આજનો ગની આવતી કાલના "ગની"ને ઝટઝટ આકાર આપી રહેલો એમાં સાફ સાફ દેખાય છે-એક અસરકારક, આગ્રહી, લાક્ષણિક "ગની"નો આકાર. એમ થઈ રહ્યાનાં સ્પષ્ટ, સુખદ ચિન્હો હું એ કૌતુકમાં હયરતપૂર્વક નિહાળી રહ્યો છું, કે એ ગુજરાતી સુરતી, પોતાના મહાન ફારસી કાશમીરી સમનામીને પંથે સ્વયં વિચરી રહ્યો છે. **"ગની" કાશમીરી**નાં અહમ્ભાન અને સ્વમાન **"ગની" ગુજરાતી**માં વિચાર અને વાણી, શૈલિ અને સરણી, ભાન અને ભાવના, બધાં અંગે ઓછેવત્તે-તરવરી રહ્યાં છે.

ગઝલ ક્ષેત્રનાં સમ્ભવિત ભયો અને દુષણોથી પર અને રક્ષિત રાખનારી આ રહબરી મને ઘણી જ ગમી છે. આપણા ગઝલકારો માટે એવાં અનુસરણ અત્યંત આવશ્યક છે. આપણા "ગની"ને એ તવંગરી રાસ આવી જાય અને તેનાથી તેમની વિચાર-સૃષ્ટિ રવશન થઈ રહે, એવી મ્હારી આશા અને આશિષ છે.

ભાગાતાલાબ,
૧-૮-'૫૩

—મુનાદી

# નિવેદન

સૂરતના આશાસ્પદ અને શ્રમજીવી કવિ ભાઈ ગનીભાઈનો કાવ્યવ્યાપાર ખીલતો જતો હતો અને એમને મધુર કંઠે ગવાયેલ ગઝલો અને ગીતોની હારમાળા રચાતી જતી હતી; પણ એ ચોપડીને પાને ચઢે એવી કોઈ શકયતા ન હતી. આપણા અનેક કવિ લેખકોની જે અવદશા આ બાબતમાં છે તેવું જ ભાઈ ગનીભાઈ માટે હતું અને એમની સ્થિતિ તો વળી વધારે મુશ્કેલ. પરસેવો પાડીને રોટલો મેળવનાર આ ભાઈ એ નાણાં કયાંથી લાવે ? સદ્‌ભાગ્યે એમના ઘણા સ્નેહી મિત્રો છે અને તેઓ એમની ઉન્નતિમાં રસ લેનારા છે. તેમણે આ કાવ્યો ગ્રંથસ્થ થાય તે માટે એક સમિતિ રચવાનો ને જોઈતાં નાણાં ઊભાં કરવાનો સંકલ્પ કર્યો, અને એ સમિતિનું પ્રમુખપદ મારે માથે નાખ્યું. આ સમિતિએ જોઈતાં નાણાં એકત્ર કરી દીધાં ને ભાઈ ગનીભાઈને જાહેર સમારંભમાં તેની ભેટ આપી. આ નાણાંમાંથી આજે આ પ્રકાશન થાય છે એ ભારે આનંદની વાત છે. સૂરતની આ સમિતિએ જે રાહ લીધો છે તેનું અનુકરણ અન્યત્ર થાય તો અંધારે પડેલાં ઘણાં રત્નો ચમકી ઊઠે અને આપણા સાહિત્યજગતની સમૃદ્ધિમાં પણ વધારો થાય. આ પ્રસંગે જહેમતઉઠાવી નાણાં ભેગાં કરનાર સમિતિના તમામ સભ્યો અને ઉદાર દિલે નાણાં આપનારા સભાસદોનો હું હાર્દિક આભાર માનું છું અને ભાઈ ગનીભાઈની કાવ્યકલા સોળે પાંખડીએ ખીલે અને ગૂજરાતના સાહિત્યગગનમાં તેઓ ચમકતા રહે એવી શુભેચ્છા પ્રકટ કરું છું.

૨૮–૭–'૫૩

**ઈશ્વરલાલ ઇ. દેસાઈ**

## "શ્રી ગની કાવ્ય સંગ્રહ પ્રકાશન સમિતિ"

પ્રમુખ : શ્રી ઈશ્વરલાલ ઈ. દેસાઈ

| | |
|---|---|
| જ. મુનાદી | શ્રી કુસુમચંદ ઝવેરી |
| શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે | શ્રી અશ્વિન મહેતા |
| શ્રીમતિ મનહરબહેન કાજી | શ્રી ચંદ્રકાન્ત પારેખ |
| શ્રીમતિ વનલીલાબહેન ભટ્ટ | શ્રી જયંત જાદવ |

: મંત્રીઓ :

શ્રી દોલત દેસાઇ    શ્રી બળદેવ મોલિયા

# ઋણ સ્વીકાર

જીવનમાં અણધાર્યું ઘણું બને છે.

મારા કાવ્ય-સંગ્રહની બાબતમાં એવું જ બન્યું છે.

મને જેની કલ્પના પણ ન હતી એ થેલી આપવાની વાત જ્યારે કેટલાક મિત્રોએ સૌ પ્રથમ મને જણાવી ત્યારે આ કાર્યની ગંભીરતા મને જણાઈ ન હતી, પણ થેલી આપવાનું કાર્ય માત્ર ગણતરીના દિવસોમાં જ પતી ગયું–અને ત્યારે મારી જવાબદારીના ભાને મને ચિંતિત કરી દીધો.

કાવ્યો બધાં વેરવિખેર પડ્યાં હતાં. એને એકત્રિત કરી એના ગુણદોષ જોઈ–તપાસી મઠારીને ગ્રંથસ્થ કરવાનાં હતાં. આ કાર્ય મારે માટે નવું હતું. વળી કવિને પોતાની કઈ કૃતિ ખરાબ લાગે? પણ મારી મૂંઝવણનો ઉકેલ આવી ગયો.

કેટલાક સમભાવી અને માયાળુ મુરબ્બીઓએ એ કામને પોતાનું ગણી મને ઋણી કર્યો છે.

સૌથી પ્રથમ શ્રી ઇશ્વરલાલ ઈ. દેસાઈ બધાં કાવ્યો તપાસી ગયા. એમણે કેટલાંક કીમતી સૂચનો કર્યાં. ત્યાર બાદ શ્રી પ્રીતમલાલ મઝમુદારનો મેં સૌથી વિશેષ સમય લીધો. કલાકો સુધી કવિતાના ગુણદોષની ચર્ચા કરી એમણે મને પુષ્કળ માર્ગદર્શન આપ્યું, કાવ્ય રચનાના ભયસ્થાન વિષે સાચી સમજ આપી અને કેટલીક પંક્તિઓને સુંદર રીતે મઠારી પણ આપી.

ત્યાર બાદ બધી કૃતિઓ શ્રી ઉમાશંકરભાઈ પર મોકલી આપી. ઘણાં ઘણાં રોકાણો છતાં ઉમાશંકરભાઈ અત્યંત કાળજીથી બધી કવિતાઓ એક એક પંક્તિ વિરામ ચિહ્નો સહિત તપાસી ગયા, કંઈ કેટલાય સુધારા સૂચવ્યા અને કેટલીક પંક્તિઓને પાસાદાર દર્પણ જેવી ચમક આપી, અને સાથોસાથ પ્રસ્તાવના પણ લખી આપી. એ વાંચી મારા આનંદનો પાર ન રહ્યો.

"નિગાહે લુત્ફેઇનાયતસે ક્યઝયાબ કીયા,
મુઝે હઝૂરને ઝર્રે સે આફતાબ કીયા."

મને રજકણને સૂર્ય બનાવી મૂકનારું એ સૌજન્ય હતું. એમની મારા પ્રતિ હમેશ મીઠી નજર રહી છે, અને તે માટે હું તેમનો સદાનો ઋણી છું.

આ બધી પ્રક્રિયામાં સારો એવો સમય નીકળી ગયો, એટલે સંગ્રહ મોડો પ્રગટ થઈ શક્યો છે.

શ્રી ઉમાશંકર જેવા રસજ્ઞ, સમભાવી મર્મજ્ઞે યોગ્ય છણાવટ કર્યા પછી મારે મારાં કાવ્યો વિષે વિશેષ શું કહેવાનું હોય? સંભવ છે કે એમણે ઉદારતાથી જતી કરી હોય એવી ક્ષતિઓ પણ મારી કૃતિઓમાં હોય.

થેલી અર્પણ સમારંભ પ્રસંગે કવિ અને કવિતાના ઉચ્ચ આદર્શની છણાવટ કરતો મૂલ્યવાન સંદેશ (કવિ અને કલાકાર) પાઠવવા માટે મારા પ્રત્યે હમેશ મીઠી નજર રાખનારા મુરબ્બી શ્રી વિષ્ણુભાઇનો આભાર માનું છું.

મારા પ્રત્યે માયા રાખનારા પંડિત ઓમકારનાથનો આભાર કયા શબ્દોમાં માનું? એમના "બે બોલ" આ સંગ્રહ માટે સ્વાગત ગીત સમા છે.

મુરબ્બી શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવેનો મારા પ્રત્યેનો પરમ સદ્ભાવ અને મમતા પણ ન જ ભૂલું! એમના જેવી સૌજન્યમૂર્તિનો સ્નેહ સંપાદન કરનારે પોતાની જાતને ધન્ય માનવી રહી. આ સંગ્રહ માટે એમણે લખી આપેલા બે શબ્દો માટે એમનો ઋણી છું.

મારી ગઝલ-પ્રવૃત્તિમાં સદાય રસ ધરાવતા, અને ક્યારેક ક્યારેક ઠપકા સહિત યોગ્ય દિશાસૂચન કરતા જ. "મુનાદી" સાહેબ, જેમના બે બોલનો સુયોગ મને પ્રાપ્ત થયો છે, એ વડીલનો દિલથી આભાર માનું છું.

થેલી અર્પણ સમારંભમાં હાજર ન રહી શક્યા છતાં તે પ્રસંગે આશીર્વાદ રૂપે સંદેશા મોકલી આપવા માટે શ્રી જ્યોતીન્દ્ર હ. દવે, શ્રી કરસન માણેક, શ્રી ચંદ્રવદન મહેતા, અને સુરત સુધરાઈના પ્રમુખ શ્રી ધીયા સાહેબનો આભાર માનું છું.

"ગની-કાવ્ય-પ્રકાશન સમિતિ"નો આભાર કયા શબ્દોમાં માનું? આ સંગ્રહ પ્રકટ થઈ શકયો છે તેનો યશ અને શ્રેય એને જ ઘટે છે. પ્રમુખશ્રી તથા મંત્રીઓ અને સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ સંગ્રહ માટે સૌ પ્રથમ પ્રેરણા આપનાર મારા મિત્ર શ્રી. મનુભાઈ બક્ષીને કેમ વીસરું? તથા સંગ્રહનું નામ સૂચવનાર શ્રી. રતિલાલ-અનિલને પણ હું કદી નહીં ભૂલી શકું. સંગ્રહને શણગારવાનો પહેલેથી છેલ્લે સુધીનો યશ એમને જ ઘટે છે. બહુ જ નિકટના એ સહમાર્ગી મિત્રનું સ્થાન મારા હૃદયમાં છે.

મારી કાવ્ય-પ્રવૃત્તિમાં રસ લઈ મને પ્રોત્સાહન આપનાર દરેક સ્નેહીનો અલગ અલગ ઉલ્લેખ કરવો અશક્ય છે માટે તેમનો સમૂહગત આભાર માની લઉં છું.

કાવ્ય-સંગ્રહને પૂરતી કાળજીથી ટૂંક સમયમાં સારી રીતે છાપી આપવા માટે ગાંડીવ મુદ્રણાલયના સંચાલકોનો આભાર માનું છું.

અંતમાં જેવો છે તેવો આ કાવ્ય-સંગ્રહ ગુંજન ગુજરાતને ચરણે ધરી કૃતાર્થ થાઉં છું.

૬-૮-'૫૩
ગોપીપુરા સુભાષચોક
સુરત

"ગની" દહીંવાલા

# અનુક્રમ


| કાવ્ય | પૃષ્ઠ |
|---|---|
| ૧ સરિતાને | ૧ |
| ૨ લઈને આવ્યો છું | ૯ |
| ૩ જીવનપંથે | ૧૦ |
| ૪ શા માટે? | ૧૧ |
| ૫ બહારો ન આવે | ૧૨ |
| ૬ લાગણીવશ હૃદય | ૧૩ |
| ૭ મનીષા | ૧૫ |
| ૮ ઉમંગો? (મુકતક) | ૧૬ |
| ૯ હૈયું | ૧૭ |
| ૧૦ કંટકની સુવાસ | ૧૮ |
| ૧૧ કોઇ પનિહારી | ૧૯ |
| ૧૨ કથાનો સાર છે | ૨૦ |
| ૧૩ આત્મબળ | ૨૧ |
| ૧૪ બહાનું થઈ ગયું | ૨૨ |
| ૧૫ મારા નિવેદનથી | ૨૩ |
| ૧૬ મન, ગાજે! | ૨૪ |
| ૧૭ ભિખારણનું ગીત | ૨૫ |
| ૧૮ સિતારાનાં સુમન | ૨૭ |
| ૧૯ કિનારા પર | ૨૮ |
| ૨૦ વારતા આવી | ૨૯ |
| ૨૧ મેલાં વસ્ત્રો | ૩૦ |
| ૨૨ વ્હાણું વાઈ ગયું | ૩૧ |
| ૨૩ હાય શું થયું? | ૩૨ |
| ૨૪ દિશાઓ ફરી ગઈ! | ૩૩ |
| ૨૫ ખલાસીને | ૩૪ |
| ૨૬ આવાહન | ૩૫ |
| ૨૭ ક્ષમા કરો! | ૩૬ |
| ૨૮ હિમગિરિ ખસી ગયો | ૩૭ |
| ૨૯ ‘આવી નથી શકતો’ | ૩૮ |
| ૩૦ ચમન માટે | ૩૯ |
| ૩૧ સવાર આવે | ૪૦ |
| ૩૨ પ્યાલીનું છલકાઈ જવું! | ૪૧ |
| ૩૩ જીવન–ગીત | ૪૨ |
| ૩૪ નકામાં નયનો | ૪૩ |
| ૩૫ પડઘા | ૪૪ |
| ૩૬ બહારો જોઈએ | ૪૫ |
| ૩૭ મયખાર બનીને રહેવું છે | ૪૬ |
| ૩૮ પાવન કોણ કરે! | ૪૭ |
| ૩૯ પાંખડીમાં | ૪૮ |
| ૪૦ મહાલેખકને | ૪૯ |
| ૪૧ કલાકારનું જીવન (મુકતક) | ૫૦ |
| ૪૨ સંધ્યા (મુકતક) | ૫૦ |
| ૪૩ વિમાસણ થઈ જાયે | ૫૧ |
| ૪૪ લણશે નહીં | ૫૨ |
| ૪૫ ભોમનો પાલવ | ૫૩ |
| ૪૬ મારી યુવાની | ૫૪ |
| ૪૭ કવનની ઓથ | ૫૫ |
| ૪૮ પ્રિયતમા | ૫૬ |

| કાવ્ય | પૃષ્ઠ |
| --- | --- |
| ૪૯ એક પત્ર ... ... | ...૫૭ |
| ૫૦ રંગીન ફ્રેમ (મુક્તક) | ...૫૮ |
| ૫૧ ઉપમા (મુક્તક) ... | ...૫૮ |
| ૫૨ જરૂર હતી ... ... | ...૫૯ |
| ૫૩ કલાકૃતિ '(મુક્તક) ... | ...૫૯ |
| ૫૪ કવન થઇ જાય છે... | ...૬૦ |
| ૫૫ તકદીર રાખું છું ... | ...૬૧ |
| ૫૬ કોઇના વિચારો ... | ...૬૨ |
| ૫૭ ધબકાર જેવો... ... | ...૬૩ |
| ૫૮ રોટી (મુક્તક) ... | ...૬૪ |
| ૫૯ અનાદર લાગે છે ... | ...૬૫ |
| ૬૦ હકદાર લાગે છે ... | ...૬૬ |
| ૬૧ પ્રસંગ નાચે છે ... | ...૬૭ |
| ૬૨ દેખાતા નથી? ... | ...૬૮ |
| ૬૩ આકાર હોય છે ... | ...૬૯ |
| ૬૪ કૃપિકાર ... ... | ...૭૦ |
| ૬૫ મજૂર જાગે છે ... | ...૭૧ |
| ૬૬ રાફડાના વાસીને ... | ...૭૩ |

| કાવ્ય | પૃષ્ઠ |
| --- | --- |
| ૬૭ કંકણુ જોતી (મુક્તક) | ...૭૪ |
| ૬૮ શૈશવ (મુક્તક) ... | ...૭૪ |
| ૬૯ ઉત્તર નથી ... ... | ...૭૫ |
| ૭૦ જખ્મો હસી રહ્યા છે | ...૭૬ |
| ૭૧ અમાસ આજે! ... | ...૭૭ |
| ૭૨ દીદાર બાકી છે! ... | ...૭૮ |
| ૭૩ સુમાર જાઉં છું ... | ...૭૯ |
| ૭૪ સાચો કવિ ... ... | ...૮૦ |
| ૭૫ ઉલ્લેખ (મુક્તક) ... | ...૮૧ |
| ૭૬ વિધિ (મુક્તક) ... | ...૮૧ |
| ૭૭ ગુલાબના છોડ ... | ...૮૨ |
| ૭૮ 'ઝિન્દાબાદ હિન્દુસ્તાન | ...૮૩ |
| ૭૯ શે ધીરજ મૂકી ચાલી? | ...૮૪ |
| ૮૦ કોણુ ગયું ચાલી? ... | ...૮૫ |
| ૮૧ મુક્તિના વ્રતધારી ... | ...૮૬ |
| ૮૨ શહીદને ... ... | ...૮૭ |
| ૮૩ મેઘાણી ... ... | ...૮૮ |


કુલ પૃષ્ઠ સંખ્યા : ૨૮+૮૮=૧૧૬

☆

કિમ્મત રૂ. ૧-૪-૦

# ગાતાં ઝરણાં

☆

ન જાણે ક્યાં સુધી પુરાઈ રહેતે !
મળ્યો ના હોત જો તમને સહારો.
વહો ઝરણાં ! હૃદયનું ગીત ગાતાં,
કરી લેજો, જગે મારગ તમારો.

શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને;
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.

## સરિતાને

રે, ઓસરતી ઊભરાતી, તું ર્‌હેજે સરિતા ગાતી !
રે, પછડાતી પટકાતી, તું ર્‌હેજે સરિતા ગાતી !

ધન્ય તને, તારી લગનીને,
તારા અંતરના અગ્નિને.

યુગયુગની તુજ પ્રીત પુરાણી,
દુનિયાથી ના હોય અજાણી.

રાત અને દી અવિરત્ વ્‌હેવું;
ના કંઈ સુણવું, ના કંઈ ક્‌હેવું.

સાજનના પથે તું મ્હાલે,
બેઉ વળાવા સાથે ચાલે,

કાંઠાઓના રક્ષણ હેઠળ, દેશ પિયાને જાતી,
તું ર્‌હેજે સરિતા ગાતી !

ગાજે એવું ગીત મઝાનું,
ધીમું ધીમું, છાનું છાનું.

સુણતી રહેજે સાદ પિયાનો-
સાગર સરખા રંગ-રસિયાનો.

થંભીને પાછળ ના જોતી,
હૈયાની ધીરજ ના ખોતી.

જો સાચવજે પંથ પ્રણયનો,
જાળવજે ઉન્માદ હૃદયનો,

જાણે કો નવપરિણીતાની ચુંદડી શી લહેરાતી,
તું રહેજે સરિતા ગાતી!

કોઈ ન સમજે તારી વાણી,
મોજ છતાં સૌ લેતાં માણી.

જન્મી તું ખોવાઈ જવાને,
આખું જીવન ગાઈ જવાને.

કુદરત તારો તાગ સમજશે,
એ ગાયન, એ રાગ સમજશે.

પર્વત પર રેલાઈ ગાજે!
ખીણોમાં સંતાઈ ગાજે!

આંખ-મીંચોલી રમતી વનમાં દેખાતી, સંતાતી,
તું રહેજે સરિતા ગાતી!

ખોવાઈને નિજ કલરવમાં,
પ્રાણ ભરી દીધા તેં ભવમાં.

કુદરતની અણમૂલ કળા તું,
ધરતીના કરની રેખા તું.

આભ તને દર્પણ સમજે છે,
તારક મુખ જોઈ મલકે છે.

સૂર્ય શશીને સ્નાન કરાવી,
અલ્પમતિનું ભાન કરાવી,

નિત્ય ઉષા ને સંધ્યા કેરા રંગોમાં રંગાની,
તું રહેજે સરિતા ગાની !

સાંભળશે આકાશના તારા,
સુણશે ધરતી પર વસનારા.

માનવ હો કે હો પશુ-પંખી,
સર્વ રહ્યાં તારું સુખ ઝંખી.

અંધારાં હો કે અજવાળાં,
સૂરજ હો કે વાદળ કાળાં.

શહેર કહો કે ગામનું પાદર,
જંગલ હો કે સૂના ડુંગર,

વસતિમાં કે વનવગડામાં નાગણ સમ વળ ખાતી,
તું રહેજે સરિતા ગાતી !

વૃક્ષો ઝૂમે, ડાળી ઝૂમે,
કાંઠાની હરિયાળી ઝૂમે,

નૃત્ય કરે સૌ જંતુ જળનાં,
ફરે ફૂદરડી નીર વમળનાં.

તાલ સ્વયં તું, ગાન સ્વયં તું,
સુણવા કાજે કાન સ્વયં તું.

ગીત રહી ના જાય અધૂરું
થાય પ્રલયના પાને પૂરું,

મત્ત પવનની લ્હેરો સાથે લ્હેરાતી મદમાતી,
તું રહેજે સરિતા ગાતી!

આંખ સહુની તુજ પર ઠરતી,
હંસ બનીને દૃષ્ટિ તરતી.

લાગે એવી સંધ્યા-ટાણે,
સ્મિત કરે છે કુદરત જાણે !

થાય ઘણી ઈર્ષ્યા આલમને,
દે ઇશ્વર ! એ ગુંજન અમને !

ઢળતી રાતે, નમતે પ્હોરે,
સંધ્યા-ટાણે, છેક બપોરે,

નાચંતી અવનિ–આંગણમાં બાળક સમ હરખાતી,
તું રહેજે સરિતા ગાતી !

સાંભળ ઓ સંગીતની રાણી !
પૃથ્વીપટ પર પ્રીતની રાણી !

દૂર કરી દુખીઓનાં ક્રંદન,
આપી દેજે તારું ગુંજન.

પાલવમાં તું પ્રેમ ભરી લે,
લોકોના ઉદ્વેગ હરી લે.

સુખ ને દુખના ભેદ મિટાવી,
દુનિયાને દે ભાન કરાવી,

ગ્રીષ્મ અને વર્ષા ઋતુમાં સૂકાતી, પોષાતી,
તું રહેજે સરિતા ગાતી !

૨૭–૭–'૫૨

# લઈને આવ્યો છું

હૃદયના ભાવ, પાંખે કલ્પનાની લઈને આવ્યો છું,
સિતારાઓ! સુણો કથની ધરાની લઈને આવ્યો છું.

હજારો કોડ, ટૂંકી જિંદગાની લઈને આવ્યો છું,
સમય થોડો અને લાંબી કહાની લઈને આવ્યો છું.

સમયની પીઠ પર બેસી વિહરનારા ભલે રાચે,
તમન્ના હું સમયને દોરવાની લઈને આવ્યો છું.

તૃષાતુર વાટ! તારે મારી પાછળ દોડવું પડશે,
ભર્યાં છે નીર છાલામાં, એ પાની લઈને આવ્યો છું.

જગત-સાગર, જીવન-નૌકા, અને તોફાન ઊર્મિનાં,
નથી પરવા, હૃદય સરખો સુકાની લઈને આવ્યો છું.

ઊડીને જેમ સાગર-નીર વર્ષા થઈને વરસે છે,
જીવન ખારું, છતાં દૃષ્ટિ કળાની લઈને આવ્યો છું.

'ગની', ગુજરાત મારો બાગ છે, હું છું ગઝલ-બુલબુલ,
વિનયથી સજ્જ એવી પ્રેમ-બાની લઈને આવ્યો છું.

૨૬-૧૨-'૪૯

☆

## જીવનપંથે

હે કાળ! તને સંતોષ થશે, હું તારે ઇશારે ચાલું છું,
જીવનની સફર પૂરી કરવા તલવારની ધારે ચાલું છું.

ચોમેરથી થપ્પડ મારે છે તોફાનનાં ધસમસતાં મોજાં,
લોકોની નજર તો નીરખે છે, હું શાંત કિનારે ચાલું છું.

ફૂટીને રડે છે મુજ હાલત પર મારા પગનાં છાલાંઓ,
કંટકથી ભર્યા પંથે આંખો મીંચીને જ્યારે ચાલું છું.

છે નામનો આ ગૃહસ્થાશ્રમ પણ ઠરવાનો વિસામો ક્યાંય નથી,
જ્યાં થાક જીવનને લાગે છે, હું તેમ વધારે ચાલું છું.

થાકીને ઢળી જ્યાં દેહ પડે, બસ ત્યાં જ હશે મંઝિલ મારી,
એથી જ હું નિજને થકવું છું, બસ એ જ વિચારે ચાલું છું.

સંકટ ને વિપદના સંજોગો! વંટોળ ને આંધીનાં દરિયો!
સોગંદથી કહેજો, હું તમથી ગભરાઈને ક્યારે ચાલું છું?

ઓ સૂરજ, ચંદ્ર, સિતારાઓ! ઓ આકાશે ફરનારાઓ!
આ ધરતી પર ચાલી તો જુઓ, જ્યાં સાંજ-સવારે ચાલું છું.

વહેતી આ સરિતા જીવનની, સુખ-દુખ એના બે કાંઠાઓ,
લઈ જાય છે મારું ભાગ્ય 'ગની', હું એક કિનારે ચાલું છું.

૩૦-૯-૪૯

☆

# શા માટે?

જે શોધમાં ગુમ થઈ જાવું હો, એ શોધનો આરો શા માટે?
નૌકાને વળી લંગર કેવું? સાગરને કિનારો શા માટે?

સેકાઈ ચૂક્યું છે કૈંક સમે સૌન્દર્યની ઉષ્માથી જીવન,
આંખોને ફરી આકર્ષે છે રંગીન બહારો શા માટે?

મદમસ્ત યુવાનીની શિક્ષા ઘડપણને મળે એ ન્યાય નથી,
તોફાન થયું છે ભરદરિયે, સપડાય કિનારો શા માટે?

પ્રત્યક્ષ સુણી છે આ ચર્ચા મેં તારલિયાની ટોળીમાં:
રાત્રિએ અવિરત જાગે છે આ એક બિચારો શા માટે?

મૃત્યુએ વધારી દીધી છે સાચે જ મહત્તા જીવનની,
અંધાર ન હો જ્યાં રજનીનો, પૂજાય સવારો શા માટે?

55,૧૨૨

અપમાન કરીને ઓચિંતા મ્હેફિલથી ઉઠાડી દેનારા!
મ્હેફિલમાં પ્રથમ તેં રાખ્યો'તો અવકાશ અમારો શા માટે?

તોફાન તો મનમાન્યું કરશે પણ એક વિમાસણ છે મોટી:
નૌકાને ડુબાડી સર્જે છે મજધાર કિનારો શા માટે?

વર્ષોથી 'ગની', નિજ અંતરમાં એક દર્દ લઈને બેઠો છે,
છો એનું તમે ઔષધ ન બનો, પણ દર્દ વધારો શા માટે?

૩–૧૨–૫૨

☆

## બહારો ન આવે

રહે મારું જીવન જો એક જ દશામાં, હવેથી ચમનમાં બહારો ન આવે,
વિખૂટી પડે રાત-દિવસની જોડી, કદી સાંજ પાછળ સવારો ન આવે.

ઘડીભર પ્રકાશી પડ્યો જે ધરા પર, ગગનમાં ફરી એ સિતારો ન આવે,
બને તો તમે પણ મને જાવ ભૂલી, મને પણ તમારા વિચારો ન આવે.

મળ્યું છે જીવન આજ તોફાન-ખોળે, ચહું છું દુખદ અંત મારો ન આવે,
ઓ મોજાંઓ, દોડો, જરા જઈને રોકો, ધસી કંઈ વમળમાં કિનારો ન આવે.

મહોબ્બત પ્રથમ ધર્મ છે જિંદગીનો, મહોબ્બત વિના કોઈ આરો ન આવે,
સતત ચાલવું જોઈએ એ દિશામાં, જો થાકી ગયા તો ઉતારો ન આવે.

કોઈને હું પામી ગુમાવી ચૂક્યો છું, જગતથી ભરોસો ઉઠાવી ચૂક્યો છું,
ખુશીથી જજે જિંદગી તું ય ચાલી, તને જ્યારે વિશ્વાસ મારો ન આવે.

હતું કોણ સાથે અને ક્યાં હતો હું, ન કહેજે કોઈને ભલી ચાંદની તું,
સિતારા કરે વાત ગઈ રાતની તો, કહેજે કે ઉલ્લેખ મારો ન આવે.

'ગની', મારી રાતોના દિવસ ફરે તો, ફરી જાય આ પ્રકૃતિની પ્રથા પણ,
ચમનમાં જણાયે ન અશ્રુનાં ચિહ્નો, પછી રક્તવર્ણી સવારો ન આવે.

૧૩-૬-'૫૧

☆

# લાગણીવશ હૃદય

તું ન માને કહ્યું, તું ન વર્તે સમય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!
છે મને રાત દી એક તારો જ ભય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

જોતજોતામાં થઈ જાય તારું દહન,
વાતવાતોમાં થઈ જાય અશ્રુ-વહન,
દવ દીસે છે કદી તો કદી જળપ્રલય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

કોઈ દુખિયાનું દુખ જોઈ ડૂબી જવું,
હોય સૌન્દર્ય સામે તો કહેવું જ શું!
અસ્ત તારો ઘડીમાં, ઘડીમાં ઉદય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

એ ખરું છે, કે દુખ મુજથી સે'વાય ના,
એ ય સાચું તને કાંઈ કે'વાય ના,
હાર એને ગણું કે ગણું હું વિજય?
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

આભ ધરતીને આવી ભલે ને અડે,
તારે પગલે જ મારે વિહરવું પડે!
તારી હઠ પર છે કુરબાન લાખો વિનય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

મારે પડખે રહી કોઈનો દમ ન ભર,
સાવ બાળક ન બન, ઉદ્ધતાઈ ન કર!
બીક સંજોગની છે, બૂરો છે સમય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

*

એક વાતાવરણ સરજીએ હર પળે,
આ જગતની સભા કાન દઈ સાંભળે,
હું કવિતા બનું, તું બની જા વિષય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

*

એક સોનેરી અપરાધની તું સજા,
પાત્રમાં દુખના જાણે ભરી છે મઝા,
જખ્મ રંગીન છે, દર્દ આનંદમય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

*

પારકી આગમાં જઈને હોમાય છે,
તારે કારણ 'ગની' પણ વગોવાય છે,
લોકચર્ચાનો એ થઈ પડ્યો છે વિષય,
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!

૧–૭–'૫૧

# મનીષા

ચાહું છું એટલી તાસીર હૃદયના કરમાં,
જેના એક સ્પર્શથી પૂરાય બધે રંગોળી,
જે રીતે સાંજના સોનાથી મઢેલા તડકા,
અવનિના અંગ પરે જાય છે પીઠી ચોળી.

*

ચાહું છું એટલું ધનભાગ્ય મને પ્રાપ્ત થજો,
કોઈનો હર્ષ મને પણ જો હસાવી જાણે,
જે રીતે ચાંદ ચકોરીને રમાડી લે છે,
જે રીતે પુષ્પ સુગંધીને વસાવી જાણે.

*

ચાહું છું કોઈમાં વિશ્વાસ મૂકી દઉં આજે,
જિંદગી કોઈનો એ રીત સહારો લઈ લે,
જે રીતે આવીને ઠલવાય હજારો મોજાં,
જેમ સાગરનો બધો ભાર કિનારો લઈ લે.

*

ચાહું છું એટલું રંગીન જીવન થઈ જાયે,
વેદીઆ મારી તબીઅતને 'ગુલાબી' કહી દે;
જે રીતે રાહમાં ભૂખ્યાને લથડતો જોઈ,
સજ્જનો નાક ચઢાવીને 'શરાબી' કહી દે !

ચાહું છું એટલી ખૂબી હું જીવન-દર્પણમાં,
ખામીઓ એમહીં પોતાની, નજર આવીજાય,
જેમ પંથી કોઈ આંધીમહીં અટવાઈજતાં,
વીજળી રાહ બતાવે અને ઘર આવી જાય.

*

ચાહું છું મારા વિચારોના વમળને લઈને
શાંત સાગરમાં જઈને કોઈ પધરાવી દે,
જે રીતે બાળને માથેથી ઉતારી લોટી,
માત પાદરની નીરવતામહીં રેલાવી દે.

૫-૧૦-'૫૨

## ઉમંગો

મિત્ર! આ મારી તરફ જોઈને હસતાં પુષ્પો,
મારા ભૂતકાળના રંગીન પ્રસંગો તો નથી?!
કૈંક કરમાઈને ક્યારીમાં પડચાં છે એમાં.
જોઈ લેવા દે મને મારા ઉમંગો તો નથી?!

૩-૨-'૫૩

☆

## હૈયું–

હૈયું ઠાલવવું છે મારે !
અવળું રે આ આભ-શકોરું,
સવળું થાશે ક્યારે ?
હૈયું ઠાલવવું છે મારે !

આ દુનિયા કે તે દુનિયામાં,
વ્યોમ, ધરા, સૂરજ-ચંદામાં,
જ્યારે, જ્યાં, જે કોઈ સમય પર,
તારે એક ઇશારે,
હૈયું ઠાલવવું છે મારે !

કેમ ફરે છે તું સંતાતો !
કરવી છે મારે બે વાતો,
છોડી જગના ઝંઝાવાતો,
કોઈ નિર્જન આરે,
હૈયું ઠાલવવું છે મારે !

નીકળ્યો છું સંકલ્પ કરીને,
એક મિલનની આશ ધરીને,
યત્ન છતાં યે તું ન મળે તો
આવી તારે દ્વારે,
હૈયું ઠાલવવું છે મારે !

૬-૬-'૪૯

☆

# કંટકની સુવાસ

હૃદયને ભૂખ હતી, આંખડીને પ્યાસ હતી,
ખુદાનો પાડ એ સોગાદ તારી પાસ હતી !

સદા એ તેજ-તિમિરની જ આસપાસ હતી,
પૂનમ કદી, તો કદી જિંદગી અમાસ હતી.

ફનાગીરી જ અમરતાનો અંશ ખાસ હતી,
કે આપ લક્ષ્ય હતાં,જિંદગી પ્રવાસ હતી.

સુણી એ વાત, વળ્યો છે ફૂલોને પરસેવો,
ચમનમાં પ્રસરી તે કંટક તણી સુવાસ હતી.

એ વર્ષગાંઠ હતી પાનખરની ઉપવનમાં,
વસંત ચાર દિવસ, રેશમી લિબાસ હતી.

રૂપેરી ચાંદનીમાં શ્યામ કેશ લહેરાયા,
પૂનમની રાતમાં ખીલી ઊઠી અમાસ હતી.

દુખી જીવનને હતી ઝંખનાઓ કોઈની,
કે જન્નતો ય જહન્નમની આસપાસ હતી.

અજબ સ્વભાવ હતો નિત્યની નિરાશાનો,
મુસીબતોની પજેપણ, સ્વયં વિલાસ હતી.

ગમીની વાત કરું છું ઘણી ખુશીથી 'ગની',
ખુશીની વાત અધર પર બહુ ઉદાસ હતી.

૨૫-૫-'૫૩

☆

# કોઈ પનિહારી !

ગાય છે ને ઘૂમે છે એમ જિંદગી મારી,
રાત્રિએ દળે દળણાં, જેમ કોઈ દુખિયારી.

એમ તુજ વિચારોને ભૂલવા ચહે છે મન,
ત્યાગની કરે વાતો જેમ કોઈ સંસારી.

રંગ એ રીતે પૂર્યા કુદરતે પતંગામાં,
જે રીતે ચિતા આગળ હો સતીને શણગારી.

પૂર્વમાં સરિત-કાંઠે એમ સૂર્ય ઊગ્યો છે,
બેડલું ગઈ ભૂલી જાણે કોઈ પનિહારી !

એ રીતે પડી આંટી મારી હસ્તરેખામાં,
ગૂંચવાઈ ગઈ જાણે જોઈને દયા તારી.

બુદ્ધિ આજ એ રીતે લાગણીને વશ થઈ ગઈ,
જઈ ઢળે ઉષા-ચરણે જેમ રાત અંધારી.

તાપ કંઈ 'ગની' એવો જિંદગી ખમી રહી છે,
થઈ ગઈ છે વર્ષાની જાણે પૂર્ણ તૈયારી !

૨૨-૬-'૫૩

☆

# કથાનો સાર છે

પ્રત્યેક શ્વાસ કહી રહ્યો કે કોઈ આવનાર છે.
જાવું હો જિંદગી તો જા, મુજને લગીર વાર છે.

મારી વિપદને કોઈની જીભ ઉપર મૂકી જુઓ,
લોકની આંખ જે કહે, એ જ કથાનો સાર છે.

ઝીલી પ્રહાર નિત્યના રંગ ધરે છે જિંદગી,
એક રીતે વિચિત્રતા આપની, ચિત્રકાર છે.

જોઈને ખુશમિજાજમાં હિતચિંતકો ડરો નહીં,
મારા સતત રુદનનો આ એક નવો પ્રકાર છે.

વિરહમાં મારા હાલ પર પ્રકૃતિએ રુદન કર્યું,
રાતનાં અશ્રુઓ હતાં, લોક કહે તુષાર છે.

લાગણીઓ શીશુ રહે, બુદ્ધિ ભલે ને પીઢ હો,
જીવી રહ્યો છું એ સમય સાંજ નથી, સવાર છે.

નિત્ય-વ્યથાને 'જિંદગી' ચિરશાંતિને 'મરણ' કહે,
સત્યથી સાવ વેગળો જગમાં 'ગની,' પ્રચાર છે.

૨૨–૧–'૫૦

☆

## આત્મબળ

આત્મબળ જીવન-સફરમાં જ્યારે રક્ષક હોય છે,
માર્ગસૂચક યાતના, સંકટ સહાયક હોય છે.

લઈ જનારી લક્ષ્ય પર શ્રદ્ધા જ બેશક હોય છે,
માત્ર આશંકા, પથિકના પગમાં કંટક હોય છે.

જ્યારથી અંતરની ભાષા વાંચતા શીખ્યો છું હું,
જેનું પુસ્તક જોઉં છું, મારું કથાનક હોય છે.

જીવવા ખાતર જગે જે જિંદગી જીવી ગયો,
એની જીવન-વારતાનું મોત શિર્ષક હોય છે.

કાર્યના આરંભ જેવો અંત પણ રંગીન હો,
જે રીતે સંધ્યા-ઉષાના રંગ મોહક હોય છે.

તું એ વર્ષા છે કે એકાએક જે વરસી પડે,
મુજ તૃષા એવી, જે બારે માસ ચાતક હોય છે.

આમજનતાના હૃદયમાં જઈને લાવે પ્રેરણા,
* હે, 'ગની !' એવા કવિનું કાવ્ય પ્રેરક હોય છે.

૩-૨-'૪૯

* સ્વ. મેઘાણી આ મુશાયરામાં પ્રમુખ હતા એમના પ્રતિ ઇશારો છે.

## બહાનું થઈ ગયું

એક વેળા આપને જોયાં બહાનું થઈ ગયું,
મારે માટે આ જગત તસ્વીરખાનું થઈ ગયું.

ભાવનાશાળી હૃદય કારણ વ્યથાનું થઈ ગયું,
મૂહેલમાં વસવાટ, કંટકનું બિછાનું થઈ ગયું.

આપનો નાહકનો મિથ્યા ગર્વ પોષાઈ ગયો,
હાથથી કુદરતના એક સર્જન કળાનું થઈ ગયું.

કોઈને સંધ્યા સમે સત્કારતાં દિલ કહી ઊઠયું:
આગમન શું આજ પશ્ચિમથી ઉષાનું થઈ ગયું !

એ જવાનીના નશાની આંખમાં લાલી હતી,
નામ ત્યાં બદનામ નાહકનું સુરાનું થઈ ગયું.

ભાગ્ય–છાયા પર કિરણ પુરુષાર્થનાં જ્યારે પડ્યાં,
રાતનો અંધાર અજવાળું ઉષાનું થઈ ગયું.

જિંદગી એવા ય શ્વાસો લઈને જીવ્યો છું 'ગની,'
કૈંક વેળા આ જગત મારા વિનાનું થઈ ગયું.

૩–૧૧–'૫૧

☆

# મારા નિવેદનથી

હતી શી આશ મુજ દુર્જનને બીજી આપ સજ્જનથી,
મને મારી તમે જીવી રહ્યા છો મારા જીવનથી.

તમે જાઓ તો પગલાં પણ તમારાં ભુંસતાં જાઓ,
જગતને ટેવ છે, પગલાં ભરે છે માર્ગદર્શનથી.

મને બોલાવનારા! બોલ, તારો શો ઇરાદો છે?
ડરે છે આગ જગ સળગી જશે મારા નિવેદનથી.

પ્રહારો નિત્યના ઝીલી વધી મારી સહનશક્તિ,
ન મિત્રોથી મળે એ લાભ મેં લીધો છે દુશ્મનથી.

બૂઝેલા કૈંકના ઉર-દીપકો સળગી જશે આજે,
હું દીપક રાગ છેડું છું હૃદયના મંજૂ વાદનથી.

તમન્ના છે હૃદયમાં તો સકળ સૃષ્ટિ ચરણમાં છે,
અમારી જિંદગી સમૃદ્ધ છે આ અલ્પ સાધનથી.

'ગની', મારી કવિતાઓ જ છે જીવનની સંપત્તિ,
થયાં છે પ્રાપ્ત મરજીવાને મોતી ખૂબ મંથનથી.

૧-૪-'૪૫

☆

# મન, ગાજે !

મન, ગાજે ! મન, ગાજે ! એક ગીત મધુરું આજે.
યુગયુગના વિનવેલ અતિથિ
આવ્યા તુજ દરવાજે,
મન, ગાજે ! મન, ગાજે !...

ઝરણાં ગાતાં, નદીઓ ગાતી; કોકિલ ગાતી કુંજે,
એવે ટાણે છાનાં રહેવું
આપણને નહિ છાજે,
મન, ગાજે ! મન, ગાજે !...

ચંદ્ર-સૂરજના મંજીરાઓ અળગા રહીને રણકે,
પૂરવ-પશ્ચિમની કરતાલો
દૂર રહીને બાજે,
મન, ગાજે ! મન, ગાજે !...

ગીત સુણી નાસે અંધારાં, જીવન-જ્યોત પ્રકાશે,
ખુદ તારા ઉત્કર્ષને માટે,
મારી મુક્તિ કાજે,
મન, ગાજે ! મન, ગાજે !....

રાત-દિવસ આ શ્વાસ-સિતારી સાજ સનાતન તારો,
સોહમ ગાતાં તાર તૂટે ત્યાં
હોશે પોઢી જાજે,
મન, ગાજે ! મન, ગાજે !...

૩૧-૮-'૫૨

☆

# ભિખારણનું ગીત

ભિખારણ ગીત મઝાનું ગાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

'મારા પરભૂ મને મંગાવી આપજે સોના-રૂપાનાં બેડલાં,
સાથ સૈયર હું તો પાણીએ જાઉં, ઊડે આભે સાળુના છેડલા,'
એના કરમાંહે છે માત્ર,
ભાંગ્યું-તૂટચું ભિક્ષાપાત્ર,
એને અંતર બળતી લા'ય;
ઊંડી આંખોમાં દેખાય.
એને કંઠે રમતું ગાણું, એને હૈયે દમતી હાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

'મારા પરભૂ મને મંગાવી આપજે અતલસ અંબરનાં ચીર,
પે'રી-ઓઢીને મારે ના'વા જવું છે ગંગા-જમનાને તીર,'
એના કમખે સો સો લીરા,
માથે ઊડતા ઓઢણ-ચીરા,
એની લળતી ઢળતી કાય;
કેમે ઢાંકી ના ઢંકાય.
ગાતી ઊંચે ઊંચે સાદે ત્યારે ઘાંટો બેસી જાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

'શરદ પૂનમનો ચાંદો પરભૂ મારે અંબોડે ગૂંથી તું આપ,
મારે કપાળે ઓલી લાલલાલ આડશ ઉષાની થાપી તું આપ',

એના શિર પર અવળી આડી,
જાણે ઊગી જંગલ-ઝાડી,
વાયુ ફાગણનો વિંઝાય;
માથું ધૂળ વડે ઢંકાય,

એના વાળે વાળે જૂઓ બબ્બે હાથે ખણતી જાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

'સોળેશણગાર સજી આવું પરભુ મને જોવાનેધરતી પર આવજે,
મુજમાં સમાએલ તારા સ્વરૂપને નવલખ તારાએ વધાવજે;

એનો ભક્તિ-ભીનો સાદ,
દેતો મીરાં કેરી યાદ,
એની શ્રધ્ધા, એનું ગીત,
એનો પરભૂ, એની પ્રીત,

એની અણસમજી ઇચ્છાઓ જાણે હૈયું કોરી ખાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય,
ભિખારણ ગીત મઝાનું ગાય,

૧૫-૧૧-'૫૨

☆

# સિતારાનાં સુમન

કોઈને અર્ઘ્ય ધરવાને સિતારાનાં સુમન લઈ લે !
વિહરતી કલ્પના, થોડું ધરા માટે ગગન લઈ લે !

તમન્ના હોય દરિયો પી જવાની તો ફળી જાશે,
જરા દૃષ્ટિને સાગરમાં ઝબોળી આચમન લઈ લે !

વિચારો આપના છે ક્ષેત્ર મારી કલ્પનાઓનું,
ગગન અવકાશ આપી દે, વિહંગો ઉડ્ડયન લઈ લે.

થતાં ચાલ્યાં જગે સૌ રૂપવન્તાં દૂર સદ્‌ગુણથી,
હવે ઉપવનમહીં પણ સ્થાન કંટકનું સુમન લઈ લે !

હૃદય ! જો હેડકી આવી, ફરી એ યાદ આવ્યાં છે,
મનોમન વાત કર, પુનઃ આવવા માટે વચન લઈ લે.

હસે છે પુષ્પ કિન્તુ, છે કળી ખામોશ એ રીતેઃ
વિનાકારણ અબોલા જે રીતે કોઈ સ્વજન લઈ લે.

છુપાયેલા કણેકણમાં અહીં છે મારા સિજદાઓ,
ઉપાડી ધરતીને આકાશમાં સઘળાં નમન લઈ લે !

વળા છે આજ જંગલની તરફ દીવાનગી મારી,
ખભે નિજ જર્જ રીત પાલવને ઓવેરાન વન લઈ લે!

ગઈ છે જિંદગાનીનાં અતલ ઊંડાણમાં દૃષ્ટિ,
'ગની,' આજે કવન માટે વિષય કોઈ ગહન લઈ લે.

૩–૭–'૫૩

## કિનારા પર

સદા ચાલ્યા કરે છે શ્વાસ કોઈના ઇશારા પર,
જીવન જીવી રહ્યો છું કેટલા નાજુક સહારા પર !

મળ્યું વ્યાકુળ હૃદય તેમાંય ચિણગારી મહોબ્બતની,
જીવનદાતા ! મૂકી દીધી ખરેખર આગ પારા પર.

કવિ છું, વિશ્વની સાથે રહ્યો સંબંધ એ મારો,
હસે છે એ સદા મુજ પર, રડું છું, એ બિચારા પર.

હૃદય સમ રાહબર આગળ ને પાછળ કૂચ જીવનની,
તમન્નાઓ મને ઠરવા નથી દેતી ઉતારા પર.

અષાઢી વાદળો ! મુજ આંગણે વરસો ન આ વરસે,
વરસવું હોય તો વરસો મને તરસાવનારા પર.

જીવન-સાગરમાં તોફાનોની માથે મોજ ભરદરિયે,
'ગની,' ડૂબી જશે, નૌકા અગર આવી કિનારા પર.

૧૪-૮-'૪૭

☆

બહુ સહેલાઈથી કષ્ટો મને આપ્યાં છે દુનિયાએ,
બહુ મુશ્કેલીએ તારી નિકટ આવી શક્યો છું હું.

☆

# વારતા આવી

હૃદયમાં પ્રેમની પધરામણી સાથે વ્યથા આવી,
જીવનના પાલવે બંધાઈને જાણે કઝા આવી!

ફરી સ્વપ્નસ્થનાં બીડાએલાં નયનો જુએ ક્યાંથી!
કે એક બેચેનની આંખોને અડવા ઊંઘ ના આવી.

સ્મરણ-પુસ્તક અચાનક બંધ તેઓએ કરી દીધું,
લખેલી લોહીથી જ્યારે અમારી વારતા આવી.

ન કંટાળી જશો જીવન-સભાના પ્રિય શ્રોતાઓ!
ઊઠી જાઉં છું હું પોતે, કથા પૂરી થવા આવી.

સિતમનાં વાદળોએ એનું રૂપાંતર કરી દીધું,
દુઆ આકાશમાં જે ગઈ, બનીને આપદા આવી.

મહોબ્બતની મહામૂલી મળી સોગાદ બન્નેને,
હૃદયને જખ્મ-દીધા, મારે ભાગે વેદના આવી.

જીવન-રજની હૃદયપટ પર હજી અંધાર રહેવા દે
મધુરું સ્વપ્ન તોડી નાખશે મારું, ઉષા આવી.

'ગની,' હું કેટલો છું ક્રૂર એ આજે જ સમજાયું,
કે દુનિયાનાં દુખો જોયાં અને નિજ પર દયા આવી.

૫-૧૧-'૪૭

☆

# મેલાં વસ્ત્રો

આ પ્રકૃતિ જ્યારે એકાંતે મુજ ગુંજનથી પ્રેરાઈ જશે,
લઈ લઈશ નીરવતા હું એની, એ મારી કવિતા ગાઈ જશે.
જો જો, આ વિરહ–સંધ્યા મારી એક પર્વ સમી ઉજવાઈ જશે,
નભમંડળ ઝગશે, રજનિનાં મેલાં વસ્રો બદલાઈ જશે.
જીવતાં જીવતાં મરવું પડશે, મરતાં મરતાં જીવાઈ જશે.
આશા જો કદી અમૃત ધરશે, તો ઝેર નિરાશા પાઈ જશે.
પાંપણ ! જો નહીં રોકે આંસુ, તું પોતે પણ ભુંસાઈ જશે.
અસ્તિત્ત્વ રહે ના કાંઠાનું જ્યારે સરિતા સુકાઈ જશે.
જીવનમાં હજારો સૂરજ મેં જોયા ઊગીને આથમતા,
પ્રત્યેક ઉષાને પૂછ્યું છે, શું આજ દિવસ બદલાઈ જશે ?
ઓ જીવન સાથે રમનારા! એક દી તારે રડવું પડશે,
નાદાન ! રમકડું આ તારું રમતાં રમતાં ખોવાઈ જશે.
તું છે ને અડગતા છે તારી, હું છું ને પ્રયાસો છે મારા,
કાં આંખ ઉઘાડી દઉં તારી, કાં પાંપણ મુજ બીડાઈ જશે.
ઓ આંખ ! અમીવૃષ્ટિ કાજે તે આંખની આશા છોડી દે,
ચાતક ! એ ઠગારાં વાદળ છે, વરસ્યા વિણ જે વિખરાઈ જશે.
ભટકું છું 'ગની,' દિલને લઈને કે કોઈ રીતે એ શાંત રહે,
ચમકીને ઊઠેલું બાળક છે, છેડાઈ જશે, ચીડાઈ જશે.

૭–૧૨–'૫૦

☆

# વ્હાણું વાઈ ગયું

ચમકંત સિતારા ડૂબી ગયા, નભમંડળ પણ વિખરાઈ ગયું,
ઓ આશ, હવે એ ના આવે, પોઢી જા વ્હાણું વાઈ ગયું.

એ પ્રેમ–વિજય કે હાર ગણો, મજધાર ગણો કે પાર ગણો,
જે દુઃખ જગે કહેવાતું'તું, હસતાં રમતાં સ્હેવાઈ ગયું.

શું જોઇ રહ્યો છું આજ અરે ! એ આવી રહ્યાં મુજ આંગણીએ !
નિઃશ્વાસમાં છે તાસીર ખરે ! ગંગાનું વહન બદલાઈ ગયું.

એ દર્શ–સમયની ધન્ય ઘડી, જાણે કે અચાનક વીજ પડી,
છે યાદ હજી બે આંખલડીઃ બાકી સઘળું વીસરાઈ ગયું.

આ પ્રેમ–જીવનના પડછાયા, તે રૂપના દર્પણના ઓળા,
લો સાંજ–સવારોનું કારણ સમજાઈ ગયું ! સમજાઈ ગયું !

છો આપ ફરી બેઠાં મુજથી, એમાંય વિધિનો ભેદ હશે !
બરબાદ થતું જીવન આજે ફુરસદની પળે જોવાઈ ગયું !

સાકી ને સુરા, ગુલ ને બુલબુલ, છે પ્રેમની એ તો પરિભાષા,
તેઓને 'ગની,' જે કહેવું'તું, મોઘમમાં બધું કહેવાઈ ગયું.

૧–૮–'૫૦

# હાય શું થયું ?

દિલ દર્દથી ઘરાઈ ગયું, હાય શું થયું ?
દુખનું ગળું કપાઈ ગયું, હાય શું થયું ?

પ્હેલો પ્રસંગ છે કે હૃદય આજ ગાય છે !
ભયમાં જીવન મૂકાઈ ગયું, હાય શું થયું ?

આ બદનસીબ આંખ, આ ગોઝારું જાગરણ,
રજનિથી પણ રડાઈ ગયું, હાય શું થયું ?

જ્વાળારૂપી જીવનની ઉપર જગનું સાંત્વન-,
વાયુ બનીને વાઈ ગયું, હાય શું થયું ?

એકાંતમાં જઈને રડ્યો એ દુખે તો હું,
વાતાવરણ છવાઈ ગયું, હાય શું થયું ?

આવો હવે ગણાય છે એકાંતની પળો,
આખું ગગન ગણાઈ ગયું, હાય શું થયું ?

ઊંડાણમાં હૃદયના તપાસી જુઓ 'ગની,'
પાછું કવન રચાઈ ગયું, હાય શું થયું ?

૧૦–૪–'૫૨

☆

# દિશાઓ ફરી ગઈ!

તે પ્રેમ–આગ, રૂપનો જે લય કરી ગઈ,
સળગી ગયો પતંગ ને જ્યોતિ ઠરી ગઈ.

મારા દિવસ ને રાત તો દૃષ્ટિ છે આપની,
મુજ પર કદી ઠરી, કદી મુજથી ફરી ગઈ.

શ્રધ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને,
રસ્તો ભૂલી ગયો, તો દિશાઓ ફરી ગઈ!

હો કોટી ધન્યવાદ વહાલી ઓ જિંદગી!
આવી વિકટ સફરને તું પૂરી 'કરી ગઈ.

મારો વિકાસ મંદ છતાં શાનદાર છે,
દુનિયા તો જેમ તેમ બધે વિસ્તરી ગઈ.

જીવી ગયો તમારી મહોબ્બતને આશરે,
જૂઠી વીગત જહાનમાં સાચી ઠરી ગઈ.

છે મારું દિલ 'ગની,' અને દુનિયાની જીભ છે,
ચીરી ગઈ કોઈ, કોઈ બખિયા ભરી ગઈ.

૧૦–૪–'૪૮

✩

# ખલાસીને

માર હલેસાં માર, ખલાસી !
મારા હલેસાં માર,
નાવને પાર ઉતાર ખલાસી !
મારા હલેસાં માર.
જો સામે વિકરાળ વમળ છે,
કાળ સમું તોફાન પ્રબળ છે,
જ્યાં ઊભો ત્યાં ઊંડાં જળ છે,
નાવડી ના લંગાર,
ખલાસી !...
તારું પાણી બતાવ ગગનને,
દે લપડાક વિરોધી પવનને,
હોડમાં મૂકજે તારા જીવનને,
મૃત્યને પડકાર,
ખલાસી !...
લક્ષ્ય ઉપર દે દૃષ્ટિ બાંધી,
શ્રદ્ધાનો સઢ લેજે સાંધી,
જો સામેથી આવે આંધી
વીજ કરે ચમકાર,
ખલાસી !...
આજ ભલે ને તારી હોડી,
મજલ કાપતી થોડી થોડી,
યત્ન હશે તો વ્હેલી મોડી,
એ જ ઊતરશે પાર,
ખલાસી !...

૧૫–૮–'૪૯

☆

# આવાહન

ઝંઝાનિલ આવને !
આવી ઉગારી લે નાવને,
ઝંઝાનિલ આવને !

ધીરજને ખાઈ ગઈ નૌકાની સ્થિરતા,
કેદે પૂરાઈ ગઈ નાવિકની વીરતા
આકાશથી ઝંપલાવને,
ઝંઝાનિલ આવને !

ઊડતા અશ્વોને ખૂબ વેગે દોડાવજે,
શૂરા સિપાહી જેમ સામેથી આવજે,
નોબત ગગનની બજાવને,
ઝંઝાનિલ આવને !

તાણી લે વાદળોને, તેડી લે વીજને,
શ્યામલ ચંદરવે દે ઢાંકી ક્ષિતિજને,
મોજાંઓ આભે ઊઠાવને,
ઝંઝાનિલ આવને !

ઉપવન આ નો'ય કે તું મંદમંદ વાય છે,
ભરદરિયે આજ તારું પાણી મપાય છે,
સંતાડી રાખ મા સ્વભાવને,
ઝંઝાનિલ આવને !

૨-૫-'૫૩

☆

# ક્ષમા કરે !

મારા અસીમ દર્દની કોઈ જો કલ્પના કરે,
પ્રેમ-પીડિતને કાજ એ રાત-દિવસ દુઆ કરે.

આજ તો ભર સભામહીં એવું બને ખુદા કરે,
હું જો ઊઠું તો બેસવા તેઓ મને કહ્યા કરે.

ભગ્નહૃદય,અવાકમુખઅશ્રુ-વિહોણું મૂકરુદન,
પ્રેમમહીં એ સાધનો હોય તે સાધના કરે.

આવીને મારા દિલમહીં બેઠને ચેન ના મળ્યું,
માફી ચહું છું જખ્મની, દર્દ મને ક્ષમા કરે !

દિલની વરાળ કાઢવા લઉં છું કવનનો આશરો,
આ જ તો હું કહ્યા કરું, કોઈ જો સાંભળ્યા કરે.

મારા ઉદયને આભ તું સાંખી શકે જ શી રીતે!
તારા એ સૂર્ય-ચંદ્ર જ્યાં ઊગીને આથમ્યા કરે.

તારી દશાને દુર્દશા જેઓ ગણે છે હે 'ગની',
તેની મનોદશા ઉપર મારો ખુદા દયા કરે.

૬–૪–'૪૭

☆

# હિમગિરિ ખસી ગયો

ક્રૂર જગતના ત્રાસથી ત્રાસીને એ ખસી ગયો,
કોઈની આંખમાં જઈ આજ 'ગની' વસી ગયો.

મારી ખુશીનાં સાધનો ઝૂંટવી લઈ ગયું જગત,
તો ય પ્રસંગોપાત હું જીવન ઉપર હસી ગયો.

ભાગ્યની ભીંસ, તું સદા તારી ફરજ બજાવજે,
હું જો ડગું તો જાણજે; હિમગિરિ ખસી ગયો.

હાય સુવર્ણ–જિંદગી ! ભાગ્યમાં પથ્થરો હતા,
લાખ વખત કસોટીએ પ્રેમ મને કસી ગયો.

વાતાવરણને કાવ્યનું કોણ સ્વરૂપ દઈ ગયું ?
કેમ પ્રવાહ ઊર્મિનો ધોધ બની ધસી ગયો ?

નિત્ય ઊઠીને જિંદગી એને હરાવતી રહી,
શત્રુ બની દિવસ સદા આવ્યો અને ખસી ગયો

જ્યારે સભામહીં 'ગની,' તેમનું આગમન થયું,
એક પતંગ દોડીને દીપ ઉપર ધસી ગયો.

૨૩–૬–'૪૮

☆

# 'આવી નથી શકતો'

સભામાં ભગ્ન હૈયે રંગ રેલાવી નથી શકતો,
તૂટેલા સાજ પર સંગીત સંભળાવી નથી શકતો.

હે પરવશ પ્રેમ! શું એવો પ્રસંગ એક્વાર ના આવે?
એ બોલાવે મને, ને હું કહું: 'આવી નથી શકતો.'

ક્ષમા કર હે જગત! છે કરમહીં બેડી મહોબ્બતની,
હું તેથી મિત્રતાનો હાથ લંબાવી નથી શકતો.

ધરીને હાથ હૈયા પર તમન્ના દિલથી કાઢું છું,
એ જ્યાં જન્મી છે એને ત્યાં જ દફનાવી નથી શકતો.

હે, દીપક! બોધ લે કંઈ સ્વાર્પણનો મારા જીવનથી,
હું સળગું છું કદી બીજાને સળગાવી નથી શકતો.

સમજ હે, વેદના! એને તો ઠરવા દે વિરહ-રાતે,
કઝાનાં દ્વાર હું જઈ જઈ ને ખખડાવી નથી શકતો.

પરાધીનતાની અંતિમ હદ હવે આવી ગઈ હે, દિલ!
હું તારા હાલ પર પણ શોક દર્શાવી નથી શકતો.

દુખી દિલની દશા ઉપર પડી છે જ્યારની દૃષ્ટિ,
'ગની,' પાનાં જીવન-પુસ્તકનાં ઉથલાવી નથી શકતો.

૩૧-૫-'૪૭

☆

Hussain

# ચમન માટે

ખીલો કળીઓ, હસો પુષ્પો, વસંત્ આવી ચમન માટે,
ઊડો હે બુલબુલો, પાંખો મળી છે ઉડ્ડયન માટે.

તમારા રૂપની તારીફ હું એથી નથી કરતો,
કવિ પોતે કશું કહેતો નથી એના કવન માટે.

સુણીને સાદ તારો હું અહીં આવી ચઢયો બુલબુલ !
મને લાગ્યું, કહે છે કૈંક તું મારા જીવન માટે.

મળ્યો સહકાર કેવો વિશ્વનો એ કલ્પના કરજો,
ઘણી વેળા વિષય પણ હું બન્યો મારા કવન માટે.

કંઈ પીંખાઈ કરમાયું, કંઈ ચગદાઈ રોળાયું,
ચમન છોડી જવું સાચે જ દુખકર છે સુમન માટે.

થયો આભાસ દુનિયાને પડયું આકાશ ધરતી પર,
ચરણમાં આપના, મસ્તક ઝૂકાવ્યું મેં નમન માટે.

'ગની' પર પ્રેમનું કારણ ગગન ધરતીને પૂછે છે,
ધરા કે' છેઃ થશે એ એક દી મુજમાં દફન, માટે.,

૧-૮-'૪૮

☆

# સવાર આવે

કરું છું તે દિનની હું પ્રતિક્ષા કે કોઈ એવી સવાર આવે,
ઉષાની આ લાલચોળ આંખોમાં હેત ઊભરાય, પ્યાર આવે.

બનીને મનની મુરાદ તેઓ જીવનમહીં એક વાર આવે,
ફરી ફરી આવતાં ચમનમાં વસંતને પણ વિચાર આવે.

હૃદય–સમંદરનું છે એ મંથન, કદર નથી તમને આંસુઓની,
મરે કંઈક મરજીવા ઉમંગો તો એક મોતી બહાર આવે.

કદાચ હસવું તમે તજી દો, ને હું રડીને ધરાઈ જાઉં,
ચમનમાં એકે ન પુષ્પ ખીલે; ન પાંખડી પર તુષાર આવે.

રમે છે દુનિયાની રમ્યતામાં કવિની સૌન્દર્ય-પ્રિય દૃષ્ટિ,
જગતનાં દુખડાં હૃદયથી એના કવન બનીને બહાર આવે.

'ગની,' મહોબ્બતની વેદનામાં રટણ પ્રભુનું ય થઈ રહ્યું છે,
હૃદયમાં ઊઠે છે દર્દ એવું, કે યાદ પરવરદિગાર આવે.

કરીને અવહેલના જીવનની જીવી રહ્યો છું, જીવાઈ જાશે;
'ગની', એ મૃત્યુની છે નિશાની, જો જિંદગીના વિચાર આવે.

૫–૧૧–'૫૦

☆

# પ્યાલીનું છલકાઈ જવું !

વિકસેલ કળી, શું યાદ નથી ? તે શર્મથી સંકોચાઈ જવું,
બે ચાર દિવસના યૌવન પર ના ફૂલ બની ફૂલાઈ જવું.

આ વિરહ-મિલન, આ હર્ષ-રુદન, કહેવાતી વસંતો પાનખરો,
છે એક તમારી દૃષ્ટિનું સામે રહેવું, પલટાઈ જવું.

આ ચંદ્ર છે કુદરતના કરમાં એક જામ મદિરાનો જાણે,
આ ચાંદની જાણે મસ્તીમાં એક પ્યાલીનું છલકાઈ જવું !

તોફાની યુવાનો ઝંઝાનિલ, કોમળ ઊર્મિનો મંદ સમીર,
ક્યાં ધોધથી જઈ ટકરાઈ જવું, ક્યાં ઝરણામાં ખેંચાઈ જવું !

મજબૂરીની એ અંતિમ સીમા દુશ્મનને ખુદા ના દેખાડે,
આવેશમાં દિલ સરખા દિલને ના કહેવાનું કહેવાઈ જવું.

બુદ્ધિનું ડહાપણ પૂર્ણ થયું, ત્યાં લાગણીએ વિપ્લવ સર્જ્યો,
પડખેના હજી લીરા સીવું, ત્યાં પાલવનું ચિરાઈ જવું.

હંમેશ 'ગની,' આ ઉપવનમાં એક દૃશ્ય સગી આંખે જોયું,
હર પુષ્પનું પાલવમાં રહેવું, હર પથ્થરનું ફેંકાઈ જવું.

૧–૯–૫૦

☆

## જીવન-ગીત

ગાવું જીવન-ગીત, મારે ગાવું જીવન-ગીત,
તુજ વિણ ગાઈ શકું શી રીત?
મારે ગાવું જીવન-ગીત.

આવ, મધુરા બોલ બનીને,
પંખીનો કલ્લોલ બનીને.
લય મેળવજે કોકિલ દ્વારા,
તાલ સ્વયં છે ઝાંઝર તારાં;
લાવ અધર પર સ્મિત!
મારે ગાવું જીવન-ગીત.

હોય ન ગાણું સાજ વિનાનું,
દર્દ ન દીઠું દાઝ વિનાનું.
દુનિયા તુજને કહેશે દ્રોહી,
નહિ આવે તો ઓ નિર્મોહી!
લઈને તારી પ્રીત-
મારે ગાવું જીવન-ગીત.

યજ્ઞ મહીં હોમાઈ જવું છે.
કોઈ પ્રકારે ગાઈ જવું છે.
ક્રૂર ભલે, નિશ્ચય દુનિયાનો,
લેશ ન રાખું ભય દુનિયાનો,
જે વીતે તે વીત!
મારે ગાવું જીવન-ગીત.

૧૩-૭-'૫૩

☆

# નકામાં નયનો

રે, આ નયનો કામ ન આવ્યાં !
બે દીવડાએ નિત્ય પ્રકાશી અંધારાં સર્જાવ્યાં !
રે, આ નયનો કામ ન આવ્યાં !

રંગ જગતના માણ્યા કિન્તુ રંગ ન પૂરી જાણ્યો,
ઝાકઝમાળે અંજાઈને સાથ મને પણ તાણ્યો;
આગળ રહીને ઊંધા પાટા જીવતરને બંધાવ્યા !
રે, આ નયનો કામ ન આવ્યાં !

ચેતન સાથે વાત કરી પણ જડને ન આપી વાચા,
જોઈ પરિચિત વાટ પરન્તુ, પંથ ન ચીંધ્યા સાચા,
ઊંડે જઈને તેજ–તિમિરના ભેદ નહીં સમજાવ્યા,
રે, આ નયનો કામ ન આવ્યાં !

જોયાં દૂરનાં અજવાળાં પણ, અંતર-જ્યોત ન જોઈ,
ઉંબર–ઉંબર ભટકીને પણ ધામ ન દીઠું કોઈ;
ભિક્ષુક થઈને દૃષ્ટિરૂપે હાથ બધે લંબાવ્યા !
રે, આ નયનો કામ ન આવ્યાં !

૧૩-૭-'૫૩

## પડઘા

પૂરવ-પશ્ચિમ આભમાં લાગે દવ રે... સાંજ સવારે!
ભડકે બળતો પૃથ્વી-પાલવ રે.... સાંજ સવારે !

જઈને કાલ મેં ઉપવનમાં પુષ્પને પૂછ્યું:
હે કોમલાંગ ! જીવનમાં મળ્યો અનુભવ શું ?
કપાળ પરથી એ પ્રસ્વેદ લૂછતાં બોલ્યું:
ક્ષણિક જીવનમાં ગમે છે મને હસી લેવું,
કાને પડતો કાળનો પગરવ રે... સાંજ સવારે !

સમીર ત્યાં જ હતો એ સુણી ગયો વાતો,
કહે, ફરું છું હું ચારે દિશામહીં વાતો,
અસહ્ય થાય છે જ્યારે હૃદયને આઘાતો,
તો દોડી આવું છું ઉદ્યાનમાંહે વળ ખાતો,
મારે માટે જંપ અસંભવ રે... સાંજ સવારે !

વસંત એટલી અળખામણી મને લાગી,
હજી એ રક્તની લાલી રહી હતી માગી,
ન જાણે ભૂખ કયા જન્મની હશે જાગી !
છતાં એ કાળમાં જીવી રહ્યો હું સદ્‌ભાગી !
મોંઘા મુજને થાય અનુભવ રે... સાંજ સવારે !

આ પાનખર ને વસંતો હૃદયના પડઘા છે,
વિષય ગગન છે, સિતારા વિષયના પડઘા છે,
કવનમાં દર્દ અને દિલ, ઉભયના પડઘા છે,
નથી વિચાર આ મારા, સમયના પડઘા છે,
દિલમાં, થાયે દર્દનો ઉદ્‌ભવ રે.... સાંજ સવારે !

૧૭-૭-'૫૨

# બહારો જોઈએ

સાથ કંઈ એ રીત જીવનભર તમારો જોઈએ,
આગ પર આઠે પ્રહર વ્યાકુળ પારો જોઈએ.

જિંદગી પર જોઈતા સઘળા પ્રહારો જોઈએ,
જીવવા માટે મને કંઈ તો સહારો જોઈએ.

ચાહું છું દુખ–દર્દ દુનિયાનાં બધાં ભૂલી જવા,
મારી એકલતાને બસ તારા વિચારો જોઈએ.

કહી રહી છે પાનખરની હર અદા ઉપવન મહીં:
આમ બરબાદી સહે, જેને બહારો જોઈએ.

ઇશ્કને હર બિંદુમાં તોફાનની છે ઝંખના,
બુદ્ધિને પ્રત્યેક મોજાં પર કિનારો જોઈએ.

આપને ત્યારે જ સૂરજના પ્રતિસ્પર્ધી ગણું,
મારી સંધ્યાઓ બનાવી દો સવારો, જોઈએ:

પાનખરને પણ ઘડીભર થઈ જવું પડશે વસંત.
સ્મિત કરતાં આપ ઉપવનમાં પધારો, જોઈએ!

જિંદગી મૃત્યુની ખાતર જાળવી રાખો 'ગની',
આખરી મહેમાનને માટે ઉતારો જોઈએ.

૧૨–૫–'૫૧

☆

# મયખાર બનીને રહેવું છે!

મંઝિલની અડગતા, પંથીનો નિરધાર બનીને રહેવું છે,
સો વાર મહોબ્બતમાં બગડી એક્ વાર બનીને રહેવું છે.

ફરિયાદ, જીવનના અંત સુધી ભગ્નાશ હૃદયને કરવા દો!
ખામોશ બની જાતાં પ્હેલાં પોકાર બનીને રહેવું છે.

ધનભાગ્ય જીવનના ઉંબર પર દીવાનગીએ પગલાં માંડ્યાં,
બુધ્ધિને હવે રહેવું હો તો લાચાર બનીને રહેવું છે.

જ્યાં પ્રેમનો પાલવ પથરાયો, ત્યાં ડાઘ પડ્યા બદનામીના,
સંસારની છાની વાતોને ચકચાર બનીને રહેવું છે.

હંમેશનાં રોતલ નયનોને એક્ વાર હસાવી તો જાણો!
ઝાકળને ઘડીભર પુષ્પોનો આકાર બનીને રહેવું છે.

એક્ કુપ ગગનમાં છાનો છે, ભય સૌને ખરી પડવાનો છે,
પ્રત્યેક સિતારાને મારો આધાર બનીને રહેવું છે.

નેકી ને બદીમાં અટવાતું, જોયું છે 'ગની' જીવન તારું,
સૂફીને સલામો ભરવી છે, મયખાર બનીને રહેવું છે!

૧૪-૮-'૫૨

# પાવન કોણ કરે !

ઝાકળની દશામાં જીવીને પુષ્પો સમ વર્તન કોણ કરે !
એક્ આંખને હસતી રાખીને, એક્ આંખથી રુદન કોણ કરે!

શું દર્દ, અને દિલથી અળગું ?-એ પાપ અરે, મન! કોણ કરે!
એક્ રાતને દિવસ કોણ કહે, એક્ મોતને જીવન કોણ કરે!

પદ્‌ચિહ્‌ન સમું મારું જીવન, ચાહો તો બને એક્ પગદંડી,
આવીને પરન્તુ, ક્ષણજીવી તત્ત્વોને સનાતન કોણ કરે !

દોષિતને હવે અપરાધોની ઓથે જ લપાઈ રહેવા દો !
યાચીને ક્ષમા, એ કહેવાતાં પાપોનું સમર્થન કોણ કરે !

દાગોથી ભરેલા આ દિલને કાં ચાંદની ઉપમા આપો છો !
કહેવાઈ કલંકિત, દુનિયાના અંધારને રોશન કોણ કરે !

કંઈ વિરહ્‌ની વસમી ઘડીઓમાં સહકાર છે કુદરતનો, નહિતર
રાત્રિએ સિતારા સરજીને દિવસે એ વિસર્જન કોણ કરે !

ચાહું છું 'ગની,' સૌ દુખીઓને લઈ જાઉં સુરાલયના પંથે,
પણ થાય છે, પોતે પાપ કરી સંસારને પાવન કોણ કરે !

૨૬-૧-'૫૨

☆

# પાંખડીમાં

એક સ્વર્ગ સાંપડ્યું છે ઉલ્ફતની જિંદગીમાં,
દુનિયાથી જઈવસ્યો છું તેઓની આંખડીમાં.

માનવ છું, માનવીનું દુખ મારું દુખ ગણું છું,
છું પુષ્પ, પ્રાણ મારો છે સર્વ પાંખડીમાં.

ચોંટી છે રૂપ સામે મુજ દૃષ્ટિ એમ જાણે-
મોઢું જુએ ચકોરી ચંદાની આરસીમાં.

મેં તેમના વદન પર જોયા છે કેશ કાળા,
ને ચંદ્રને લપાતો જોયો છે વાદળીમાં.

અંતરની વેદનાઓ એ રીતથી વધી કે,
અંતર નથી વધુ કંઈ મૃત્યુ ને જિંદગીમાં.

આંસુનાં નીર સીંચી પોષી અમે વસંતો,
રંગીન સ્વપ્ન જોયાં ગમગીન જિંદગીમાં.

હર રંગમાં 'ગની,' હું દુનિયાને કામ આવ્યો,
મિત્રોને મિત્રતામાં, દુશ્મનને દુશ્મનીમાં.

૧૨-૫-'૪૫

☆

## મહાલેખકને

અતિશય આ કથાપટને ન ગ્લાનિમય બનાવી દે,
નીરસ વાતાવરણ વિકસાવતાં પહેલાં શમાવી દે,
જગતના મંચ પર પડદો જ તું પડતો બતાવી દે,
ખતમ કર આ તમાશો, મંત્ર 'અચ્યુતમ્'સુણાવી દે;
મહાલેખક! હવે આ વારતાનો અંત લાવી દે!

હતા સદ્ભાગી જે વાંચી ગયા પ્રારંભનાં પ્રકરણ,
સુવાવસ્થા હતી શું એ સમે તારી કલમની પણ,
કદી પાછળ ફરીને જોઉં છું ભૂતકાળનું દર્પણ,
હૃદયથી સાદ એ આવે છેઃ કર્તાને સુણાવી દે;
'મહાલેખક! હવે આ વારતાનો અંત લાવી દે!'

કથામાં કોઈ દૈવી પાત્ર તું આલેખતો જ્યારે,
સકળ વાતાવરણમાં સ્વર્ગ પથરાઈ જતું ત્યારે,
ન અથડાતો કોઈ વાચક–વિચારક ઘોર અંધારે,
હવે ધીમી થતી એ જ્યોતને સત્વર બુઝાવી દે;
મહાલેખક! હવે આ વારતાનો અંત લાવી દે!

હવે ખલનાયકોને ખૂબ ફાળકાવી રહ્યો છે તું,
અસંગત વારતાને, પાત્ર સર્જાવી રહ્યો છે તું,
પ્રતિ પૃષ્ઠે નરી ઘૃણા જ જન્માવી રહ્યો છે તું,
પ્રતિ દૃશ્યે જે વાચકના હૃદયને કંમકમાવી દે;
મહાલેખક! હવે આ વારતાનો અંત લાવી દે!

બધું જોયું તો એવો પણ સમય જોવા ચહું છું હું,
પિશાચી–પાશવી લીલાનો લય જોવા ચહું છું હું,
કહી દઉં સાફ શબ્દોમાં ? પ્રલય જોવા ચહું છું હું !
કુશળ કર્તા ! કલમનું આખરી પાણી બતાવી દે;
મહાલેખક ! હવે આ વારતાનો અંત લાવી દે

૧-૯-'૫૦

☆

## કલાકારનું જીવન

પાનખર ! તું છે કલાકારનું જીવન જાણે !
જેણે હંમેશ ફના થઈને બહારો સર્જી;
આ જગત, જેણે વસંતોને તો માણી જાણી,
પુષ્પની આંખમાં જોયાં નહીં કિન્તુ પાણી.

☆

## સંધ્યા

રથ રવિનો દૂર પશ્ચિમમાં જતો,
શાંત સંધ્યા લાલ વસ્ત્રોમાં સોહાય;
જે રીતે પરદેશ જાતાં પ્રેમીને
કોઈ મુગ્ધા દઈ રહી અંતિમ વિદાય.

# વિમાસણ થઈ જાયે

એક ચીસ હૃદયમાં તેઓના ચિત્કારનું કારણ થઈ જાયે,
ઓ મારા દીવાના દિલ તુજથી આ એક ડહાપણ થઈ જાયે!

કંઈ દર્શ અમોને દેનારા વ્યવહાર પરસ્પરનો સમજે,
એ યોગ્ય નથી મારી દૃષ્ટિ દર્શનની ભિખારણ થઈ જાયે!

આ એક ઊણપની બરબાદી થઈ જાય અચાનક આબાદી,
એ રીત પધારો જીવનમાં, દુનિયાને વિમાસણ થઈ જાયે.

કંઈ એવી અદાથી મ્હેફિલમાં તું આજ તડપ ઓ દિલ મારા,
પોકારી ઊઠે પ્રત્યેક હૃદયઃ 'એ દર્દ મને પણ થઈ જાયે!'

લો ઘાટ ઘડી લો જાહેરમાં, ઓ ગુપ્ત પ્રવૃત્તિ કરનારા!
સંસારના એરણ પર હું છું, જેને હો થવું ઘણ, થઈ જાયે!

ઉત્કર્ષ, વ્યથિત જીવનકેરો આનંદ ટકી રહેવામાં છે,
ઉદ્વેગની સીમા પર જઈને ઉત્સાહનું રક્ષણ થઈ જાયે.

આ એક દીવાના દિલ ખાતર બુદ્ધિથી રહું છું દૂર 'ગની,'
આ શાંત જીવન મારું નહિતર, બન્નેનું રણાંગણ થઈ જાયે.

૧૨–૪–'૫૦

☆

# લણશે નહીં

દુખને દુખ મારું હૃદય ગણશે નહીં,
આપની એ ભેટ અવગણશે નહીં.

છે તમારી લાગણીની અંગુલિ,
'શું જિગરના તાર ઝણઝણશે નહીં?'

પ્રેમ જ્યારે શીખવી દેશે સહન,
દર્દના નખ જખ્મને ખણશે નહીં.

વિરહમાં તારા તું ગણતો થઈ જશે,
પ્રેમમાં તારાં તને ગણશે નહીં.

અશ્રુનો વરસાદ, ધરતી પ્રેમની;
વાવનારા કોઈ દી લણશે નહીં.

પ્રેમમાં, ઉપદેશકો! તમને સલામ!
મારું જીવન પાઠ એ ભણશે નહીં.

તૂટી પડશે નભ નિરાશાનું 'ગની,'
ભીંત જો તું આશની ચણશે નહીં.

અમદાવાદ લેખક મિલન

૨–૧૨–'૪૫

✡

# ભોમનો પાલવ

ખૂબ દીપાવી જાણે છે ભવ,
ધન્ય તને કહેવાતા માનવ!

જ્યાંજ્યાં પ્હોંચ્યો ત્યાં દીઠો દવ,
વાહ રે મારા મૂર્ત અનુભવ!

કાળ, વધુ ફેલાવ ન પાલવ!
પાખંડી, મર્યાદા સાચવ!

મારી તમન્ના, મારું જીવન;
ભીત્તર પંકજ, ઉપર કાદવ.

ઝાકળ–બિન્દુ હરિયાળી પર,
વ્યોમનાં આંસુ, ભોમનો પાલવ.

સ્મિત અકારું, દર્દ વહાલું;
હર્ષનું માતમ, શોકનો ઉત્સવ,

જગ–રત્નાકરના મરજીવા!
શ્વાસ હવે છે છેક અસંભવ.

ક્યાંક 'ગની,' સર્જાઈ ક્યામત!
શોર ઊઠ્યો છે: માનવ! માનવ!

૧૫–૧–'૫૩

# મારી યુવાની

તને થઈ પડી ત્રાસ મારી યુવાની,
ન રડ દિલ! હશે એ જ મરજી ખુદાની.

મહોબ્બત હતી દિલમાં એક વાત છાની,
ચઢી લોક-જીભે બની ગઈ કહાની

હતાં રાહમાં ખૂબસૂરત લૂંટારાં,
જવાની હતી એ જ રસ્તે જવાની.

ખરેખર વિકટ પંથ છે જિંદગીનો,
પડે છે ફરજ સૌને પાછા જવાની.

ફરી યાદ તોફાનની, સાદ દે છે:
'અહીં નાવને લાવ પાછી સુકાની!'

જીવન-હાટમાં બુધ્ધિનો હાથ છોડી-
જવાનીને છે ટેવ દોડી જવાની.

'ગની,' આજ એ રીત ગુમ થઈ જવું છે,
રહી જાય જોતી ખુદાઈ ખુદાની!

૨૫-૮-'૪૯

☆

# કવનની ઓથ

ન આવી હદ સીતમગરના દમનની,
વટાવી હું ગયો સીમા સહનની.

સ્વયં છું આરસી મારા પતનની,
ચમન છું, ભીખ માગું છું પવનની.

ન હોતે પ્રેમનાં ઝરણાં મધુરાં,
તો ખારી થઈ જતે સરિતા જીવનની.

ભલે માટીમાં મુજને મેળવી દે,
પરંતુ હો એ માટી મુજ વતનની.

મરણ–કાળે સ્મરણ કીધું તમારું,
ઉષા ભાસી મને સંધ્યા જીવનની.

કયો સાગર છે એનું લક્ષ્ય-બિંદુ ?
વહી ક્યાં જાય છે સરિતા જીવનની ?

ધસી આવી હૃદય પર ઊર્મિઓ જ્યાં,
'ગની,' મેં ઓથ લઈ લીધી કવનની.

૭-૫-'૪૬

# પ્રિયતમા

શ્વાસ સમી મુજ જીવનસાથી, ચંદ્ર સમી એ શ્વેત પરી,
તેજલ તણખો, રુપની રાણી, મોહક, મનહર મસ્ત અદા;
હાથ પકડતાં સરકી જાતી સસલા સમ એ ગેલ કરી,
શ્રમજીવીની પ્રિયતમા એ નવ લેતી આરામ કદા.

આજીવિકાના સાધન માટે સીવણ ગૂંથણ એ કરતી,
ભીંજવી દેતી હૈયું મારું વ્હાલ-ઝડી વરસાવીને;
સુંદર વસ્ત્ર અને આભુષણ અંગ ઉપર એ નવ ધરતી,
રીઝવતો સુતરનો તુંતુ ડોકમહીં પ્હેરાવીને.

કોઈ વખત સંતાઈ જતી એ છટકીને મારા કરથી,
ચારે ગમ મુજ આકુળ દૃષ્ટિ જોવાને પથરાઈ જતી;
દિનભર કામમહીં રોકાતી મેણાં-ટોણાંના ડરથી,
રાત પડે હું ઘેર જતો ત્યાં છાતીએ ચંપાઈ જતી.

પ્રેમ અમારો બીચબજારે આખી દુનિયા જોઈ જતી,
હું 'સૈ' એના પ્રાણ સમો, એ મારી વ્હાલી 'સોય' હતી.

૭–૧૨–'૪૭

☆

# એક પત્ર

એ વ્યાકુળતા, વિમાસણ પર વિમાસણ યાદ આવે છે,
ગયાં જ્યારે તમે, રડતું એ આંગણ યાદ આવે છે;
વિખૂટાં પાડતું આપણને, કારણ યાદ આવે છે,
　　વિસારું છું હજારો વાર તો પણ યાદ આવે છે,
　　એ દિવસ, હાય એ રાતો, એ ક્ષણ ક્ષણ યાદ આવે છે.

જગત પોઢે છે ત્યારે આભના તારા ગણું છું હું,
મરણથીયે નકામી જિંદગી જીવી મરું છું હું;
તમારું નામ લઈ બસ અશ્રુઓ સાર્યા કરું છું હું,
　　વીતેલો એ સમય રડવાને કારણ યાદ આવે છે,
　　એ દિવસ, હાય એ રાતો, એ ક્ષણ ક્ષણ યાદ આવે છે.

ખુશી મુખ પર જણાયે શી રીતે જ્યાં આગ હો મનમાં,
વસંતોની વિરોધી પાનખર છે મારા જીવનમાં;
જો પ્રાતઃકાળ કોયલડી કદી ટહુકે છે ઉપવનમાં,
　　તમારી સાથમાં વીતેલ શ્રાવણ યાદ આવે છે,
　　એ દિવસ, હાય એ રાતો, એ ક્ષણ ક્ષણ યાદ આવે છે.

તમે બોલાવતાં, હું આવતો એક જ ઇશારે ત્યાં,
મને મિત્રો ય કહેતાં: 'મુર્ખ સાંજે ત્યાં સવારે ત્યાં?',
કદી મહેમાન થાતો આપનો હું, આપ મારે ત્યાં,
　　પરસ્પરનાં એ આમંત્રણ-નિમંત્રણ યાદ આવે છે,
　　એ દિવસ, હાય એ રાતો, એ ક્ષણ ક્ષણ યાદ આવે છે.

વીતાવી કૈંક દિવાળી મિલનની આશ મેં સેવી,
અમીદૃષ્ટિ હમેશાં રાખજો પ્હેલાં હતી તેવી,
લખું છું પત્રમાં શુભ નામ જ્યારે આપનું દેવી !
કલમને માનનાં સો સો વિશેષણ યાદ આવે છે,
એ દિવસ, હાય એ રાતો, એ ક્ષણ ક્ષણ યાદ આવે છે.

૧૩–૨–'૪૫

✩

## રંગીન ફરેબ

એ રીતે તારે ભરોસે હું જીવું છું જીવન,
જાણે પડતો કોઈ આધારને પકડી લે છે;
દિલને દઈ જાય છે એ રીતે તું રંગીન ફરેબ,
જાણે બાળક કોઈ અંગારને પકડી લે છે.

✩

## ઉપમા

હૃદયને આપના, પથ્થરની ઉપમા જ્યારે મેં આપી,
દ્રવ્યું પર્વતનું હૈયું, અશ્રુઓ રૂપે ઝરણ્ ફૂટ્યાં;
દુખાવી એના મનને, આપનું મન જોઈ લીધું મેં;
ખરે ચેતનની જડતા, જડનું ચેતન જોઈ લીધું મેં.

✩

## જરૂર હતી

વસંત આવી'તી રંગોની પણ જરૂર હતી,
હતો જવાન, ઉમંગોની પણ જરૂર હતી.

ફક્ત શમાથી હતો અંધકાર મ્હેફિલમાં,
સ્વયં પ્રકાશ પતંગોની પણ જરૂર હતી.

થયું, સુણીને ઉરે ઊર્મિનો મધુર કલરવ,
હૃદય-ચમનમાં વિહંગોની પણ જરૂર હતી.

મટી મટીને બને જેમ સાગરે બુદ્‌બુદ્‌,
દિમાગમાં એ તરંગોની પણ જરૂર હતી.

'ગની,' અમોએ જે રંગીન સ્વપ્ન જોયાં છે,
જીવનમાં એવા પ્રસંગોની પણ જરૂર હતી.

૧૫ ૭–'૫૩

☆

## કલાકૃતિ

માનવ-કલાકૃતિને જરા દૂરથી જુઓ!
નજદીક આવશો તો એ ગૌરવ નહીં રહે;
નિર્મળ નજર હશે જો સરોવરનાં નીર સમ,
રહેશે ફક્ત કમળ, અને કાદવ નહીં રહે.

# કવન થઈ જાય છે

કાલ જીવેલું જીવન આજે કવન થઈ જાય છે,
જિંદગીનું એ રીતે હળવું વજન થઈ જાય છે.

આશરે નિ:શ્વાસના કાપી રહ્યો છું જિંદગી,
હું હવા દઉં છું તો નૌકાનું વહન થઈ જાય છે.

તાજથી મુમતાઝના, મારું હૃદય કંઈ કમ નથી,
જીવતી એમાં તમન્નાઓ દફન થઈ જાય છે.

કંટકોના દિલની કોમળ ભાવના, રંગીન આશ;
એના પડખામાં ફળી-ફૂલી સુમન થઈ જાય છે.

આ જવાનીના ગુનાહો કેટલા રંગીન છે!
દિલના પાલવમાં ભરી લેવાનું મન થઈ જાય છે!

માની લીધેલાં દુખો જીવન-સહારો થઈ પડ્યાં,
કલ્પનાના કંટકો આજે સુમન થઈ જાય છે.

વિશ્વની રંગીનતા આલેખવા ચાહું 'ગની,'
પણ અજાણ્યે જિંદગાની પર મનન થઈ જાય છે.

૨૨-૯-'૪૮



✩

# તકદીર રાખુ છું

હૃદયને ભીંજવી દે એટલી તાસીર રાખું છું,
વરસતી વાદળી ! હું પણ નયનમાં નીર રાખું છું.

સભામાં સ્તબ્ધ સૌ થઈ જાય છે મારી દશા જોતાં,
બની તસ્વીર, સાથે સેંકડો તસ્વીર રાખું છું.

નિહાળી રમ્ય દૃશ્યો મેળવું છું તીવ્ર સંવેદન,
ખુશીનાં સાધનો દ્વારા હૃદય દિલગીર રાખું છું.

દીવાનાનું રુદન ને હાસ્ય, બંને એકસરખાં છે,
હસું છું તે છતાં વાતાવરણ ગંભીર રાખું છું.

મહોબ્બતના સરોવરમાં કમળ જીવનનું ખીલ્યું છે,
ઊડે છે છોળ પર્ણોથી, નીતરતાં નીર રાખું છું.

કોઈ નિશ્ચિત સમયની જેમ તારે આવવું પડશે,
બળેલું પણ હૃદય, ફૂટયું છતાં તકદીર રાખું છું.

હજી મૃત્યુને આકર્ષી રહ્યું છે, કૈંક છે એમાં;
'ગની,' લુંટાએલા જીવનમહીં પણ હીર રાખું છું.

૧૫-૬-'૫૦

✩

# કોઈના વિચારો !

એક પુષ્પને જોયા પછી કોઈના વિચારો !
ઉપવનમહીં વીંટળાઈ વળી મુજને બહારો.

છે કોની ફળી-ફૂલી તમન્નાના પ્રતીકો ?
આકાશમાં ખીલી ઊઠયો પ્રત્યેક સિતારો.

સંધ્યાનો સમય, મત્ત સમીર, પુષ્પની ખુશ્બૂ ;
ઇચ્છે છે સહુ એવે સમે આપ પધારો !

આવો કે હવે આંખમાં આવી ગયાં આંસુ,
કંઈ ઉગ્ર થતાં જાય છે ધીરજના પ્રકારો.

ઉપકાર કરો તો ય એ અપમાન ગણાશે,
કોઈને બિચારો કહી દેશો ન સહારો.

બાળીને તમે ભસ્મ કર્યું એમ હૃદયને,
જે રીતથી અકસીર બની જાય છે પારો.

દુનિયાથી વિશાળ, આપના પડખામાં હૃદય છે,
એ વિશ્વનો વિસ્તાર 'ગની,' ખૂબ વધારો !

૧૮-૫-'૪૯

✩

# ધબકાર જેવો

દીવાનો બની જા સમજદાર જેવો,
મળે યશ જગતમાં તિરસ્કાર જેવો;
બને તો કરી લે ગુનો પ્યાર જેવો.

*

ગણી લક્ષ્યને પગની બેડી તજી દે,
ચમકતી જમાનાની કેડી તજી દે;
મળી જાય જો પંથ અણસાર જેવો.

*

કરી દે ઊભી કલ્પના, એવી સૃષ્ટિ;
પરોવી રહે કોઈ દૃષ્ટિમાં દૃષ્ટિ,
સમય હોય તલવારની ધાર જેવો.

*

ગયો ઇન્કિલાબ્ એક આ રાહ પરથી,
પડી પણ ગયો હું જગતની નજરથી;
મળી પણ ગયો હાથ આધાર જેવો.

*

સદા યાદ કરવો પડ્યો છે ખુદાને,
ખુદાઈ ભલે વાત મારી ન માને,
મહોબ્બત ગુનો છે સદાચાર જેવો.

*

મુલાકાત જઈ તારલાઓને આપી,
કદી ચંદ્રની હૂંફમાં રાત કાપી,
ઘરા પર નથી હું રહ્યો ભાર જેવો.

*

જુવાનીનું થઈ જાય સન્માન જેવું.
હૃદયમાં ઊઠે કૈંક તોફાન જેવું:
કિનારો મળી જાય મઝધાર જેવો.

*

જમાનાને એ વાતની ક્યાં ખબર છે?
'ગની,' આજ જે શે'ર કાગળ ઉપર છે-
હૃદયમાં હતો કાલ ધબકાર જેવો.

૭-૧૦-'૫૨

☆

## રોટી

ભલે કરતું જગત એની કસોટી,
નથી જીવી જવું કંઈ વાત મોટી;
કવિ તો કલ્પનામાં ઊની-ટાઢી,
જમી લેશે સૂરજ-ચંદાની રોટી.

# અનાદર લાગે છે

બહુરૂપી ! તમારાં નયનોનાં બે રૂપ બરાબર લાગે છે,
મીંચાય તો બીડાયેલ કમળ, ઊઘડે તો પ્રભાકર લાગે છે.

છે પુણ્ય પ્રતાપ મહોબ્બતના, પથ્થરમાં જવાહર લાગે છે,
હું લોકને નિર્ધન લાગું છું, દિલ મુજને તવંગર લાગે છે.

લો ટૂંકમાં દોરી દેખાડું, મારી આછી જીવનરેખા,
તે વાત ખરી માની લઉં છું, જે જૂઠ સરાસર લાગે છે.

પડતીમાં પડે છે જે મુજ પર ઉત્કર્ષ ગણી લઉં છું તેને,
તે મારા જીવનનું ઘડતર છે, જે ચોટ હૃદય પર લાગે છે.

તોફાનમાં મુજને જોનારા ! એ દોષ છે તારી દૃષ્ટિનો,
નૌકા તો હીંડોળે હીંચે છે, તોફાનમાં સાગર લાગે છે.

માનું છું જીવનના ઉંબર પર વેરાય કંઈ પ્રીતિ-પુષ્પો,
સત્કાર યુવાનીનો એ વિણ મુજને તો અનાદર લાગે છે.

દુનિયામાં 'ગની,' વ્યાકુળ દિલને ઠરવા ન મળ્યો કોઈ આરો,
આ ફરતી પૃથ્વી પણ મારા તકદીરનું ચક્કર લાગે છે.

૧૭-૮-'૫૨

## હકદાર લાગે છે

નર્યું પાણી જ મારા દર્દનો ઉપચાર લાગે છે,
રડી લઉં છું, મને જ્યારે હૃદય પર ભાર લાગે છે.

દિવસ તો જિંદગીના આંખ મીંચીને કપાયા પણ,
ઉઘાડી આંખથી રાતો કપાતા વાર લાગે છે.

મને બેસી જવા કૂદે છે, ઊઠે છે દર્દ જ્યાં દિલમાં,
હૃદયમાં દર્દ-રૂપે દર્દનો દેનાર લાગે છે.

હૃદયની આશને ઓ તોડનારા! આટલું સાંભળ:
કમળ આ માનસરમાં ફક્ત એક જ વાર લાગે છે

રુદનની ભીખ માગે છે પ્રસંગો જિંદગાનીના,
કરું છું દાન તેને જે મને હકદાર લાગે છે.

સનાતન રૂપ મારી કલ્પનામાં પણ નહીં આવ્યું,
જીવન-કવિતા! મને તું બુદ્ધિનો વ્યાપાર લાગે છે,

'ગની' વીતેલ જીવનનાં સ્મરણ તાજાં થયાં આજે,
ફરી ખખડાવતું કોઈ હૃદયનાં દ્વાર લાગે છે.

૧૯-૧૨-૪૮'

☆

## પ્રસંગ નાચે છે

કરી મૂકે છે જમાનાને દંગ, નાચે છે,
જીવનના મંચ ઉપર જે પ્રસંગ નાચે છે.

અહીં અમારી નજરને એ સર્પ ડંખે છે,
પણે કોઈના ખભા પર ભુજંગ નાચે છે.

પ્રસંગ શોકનો ઉત્સવ બની ગયો જાણે!
ડુબાડી નાવને, સાગર-તરંગ નાચે છે.

હશે એ રૂપ અને પ્રેમની કયી મંઝિલ!
કે દીપ ધ્રૂજી ઊઠયો છે, પતંગ નાચે છે.

શરીર એનું પડી જાય છે કદી જડું,
કદી ચમનનાં બધાં અંગે અંગ નાચે છે.

હસી પડે કોઈ પાગલ તો જાણજો નિશ્ચય,
ખુશીનો વેશ લઈ ક્રૂર વ્યંગ નાચે છે.

જીવે તો જીવ 'ગની' જીવવાનાં સાધન વિણ,
અહીં તો ગાય છે મૂગા, અપંગ નાચે છે!

૧૨-૬-'૫૩

☆

## દેખાતા નથી?

જ્યાં સુધી એના વદનના ભાવ પરખાતા નથી,
જિંદગીના ત્યાં સુધી પ્રશ્નો ઉકેલાતા નથી.

કહી ઊઠ્યા તારા, ધડકતું જોઈને મારું હૃદય:
હાય ધરતી સાથ કાં સંબંધ જોડાતા નથી!

આ અમારી લાગણી સાથે રમત રમશો નહીં,
સાંભળી લો, આગ સાથે ખેલ ખેલાતા નથી!

છે મધુરા ગીત સમ એકાંતમાં તારું સ્મરણ,
કોઈ પાસે હોય છે ત્યારે અમે ગાતા નથી.

ભાન છે એને કે મારે દુખ અતિશય થઈ ગયું,
ભાન ભૂલેલા સુરાલયમાં કદી જાતા નથી.

ઓર ભડકાવી મૂકો મારા જીવનની જ્યોતને,
છે અધૂરી આગ, જાણે પૂરતી શાતા નથી.

મારી સામે જોઈ મોઢું ફેરવી લેવું, અને
પૂછવું પરને, 'ગની' કાં આજ દેખાતા નથી?

૧૧-૯-૪૯

☆

## આકાર હોય છે

સાચી સ્વતંત્રતાનો એ વ્યવહાર હોય છે.
દિલ કોઈનું, કોઈનો અધિકાર હોય છે.

દિલથી મળી રહે છે મને પ્રેમનો પ્રકાશ,
બુદ્ધિ-પ્રદેશમાં યદિ અંધાર હોય છે.

મારું જીવન તિમિર ગણો છો ? ભલે ગણો.
ચમકે છે આગિયાઓ જો અંધાર હોય છે.

આ એ જ દિલ છે, એ જ છે આસન મયુરનું,
જ્યાં આપનો નિવાસ ઘણી વાર હોય છે.

એ વર્તણુંક એમની મારા પ્રતિ રહી,
મૃત્યુનો જિંદગીથી જે વ્યવહાર હોય છે.

જીવન-કિતાબ લાખ પ્રકારે લખાય પણ,
સરખો સહુનો અંતમહીં સાર હોય છે.

ભોળી ઉષાને ભાન નથી કંઈ સ્વમાનનું,
નિત્ એને જન્મ આપતો અંધાર હોય છે.

ઘેરી વળે છે જ્યારે 'ગની,' દુખના કંટકો,
ત્યારે જીવન ગુલાબનો આકાર હોય છે.

૧૮-૨-'૫૦

☆

# કૃષિકાર

એક સૂકા વૃક્ષ સમો છું પણ ધરતીને લીલીછમ રાખું છું,
વેરી હો ભલે સંજોગ-પવન, હું ડાળને અણનમ રાખું છું.

કૃષિકાર જગે કહેવાઉં છું, દુર્ગંધ છે મારાં વસ્ત્રોમાં,
પણ શ્રમથી ઘસાતાં હાડમહીં ચંદનની ફોરમ રાખું છું.

સાગર સરખો સંસાર મને મોજાંની જેમ પછાડે છે,
કાંઠેથી ફરીને હું પાછો સંબંધ એ કાયમ રાખું છું.

હોમી છે જગતની ભઠ્ઠીમાં લોખંડ સમી મારી કાયા,
ટીપાઉં છું ક્રૂર હથોડાથી, પણ દિલને મુલાયમ રાખું છું.

ખુશ થાઉં તો માલામાલ કરું, ખિજાઉં તો ફૂંકી દઉં જગને,
આશિષમાં જન્નત અર્પું છું, આહોમાં જહન્નમ રાખું છું.

દુખ-સુખમાં સદા એક જ ધારી વહી જાય જીવન-સરિતા મારી,
અકળાઉં તો ધીરજ રાખું છું, હરખાઉં તો સંયમ રાખું છું.

ઓ સૂરજ, ચંદ્ર, સિતારાઓ! ઓ પ્રકૃતિનાં મનહર દશ્યો!
હું લાભ તમારો લઈ ન શક્યો, શ્રમ એ જ જીવન-ક્રમ રાખું છું.

૧૨-૩-'૪૭

☆

# મજૂર જાગે છે

છે ઠંડો ઠંડો પવન ને સમય છે સંધ્યાનો,
એ કાળ પૂર્ણ થયો સૂર્યની તપસ્યાનો.

ચમનમાં પક્ષીઓ ઝૂલી રહ્યાં છે હીંડોળે,
કંઈક જાય છે માળા તરફ ઊડી ટોળે.

નમન કરીને જગતને રવિ સિધાવે છે,
કરીને મજદૂરી મજદૂર ઘેર આવે છે.

કરે ન ખર્ચ કરજના એ ધાકનો માર્યો,
મળ્યું તે ખાઈને સૂતો એ થાકનો માર્યો.

જગતનું દુખ બધું ભૂલી ગયો એ ક્ષણભરમાં,
ને રાત એની બની માત એ તિમિરઘરમાં.

પરંતુ ક્યાં સુધી શ્રમજીવી લઈ શકે વિશ્રામ ?
કે પળમાં થઈ ગઈ સ્વપ્ના સમી એ રાત તમામ!

જગાડવાને ઉષા આવી બાંગ પોકારી,
કહે છે રાત્રિ, 'રે કોણ છે તું ગોઝારી ?'.

જગતનો ભાર ઉતારી મજૂર થાક્યો છે,
ઘડીક પોઢવા એ મારે ખોળે આવ્યો છે.

દિવસના તાપનો સંતાપ ને સિતમ કેવો ?
હજી તો માંડ સૂકાયો છે એનો પરસેવો !

હું એને સ્વપ્નની દુનિયામાં લઈને જાઉં છું,
ઘુમાવી એને ગગનમાં અગન બુઝાવું છું.

જે અવયવોમાં હતું દુખ તે સર્વ સાજા છે,
હતો એ દિવસે મજદૂર, રાતે રાજા છે.

પ્રભુ ન આજનો અંધાર મારો જાય કદી,
ન એ ઊઠે, ન જગતમાં સવાર થાય કદી.'

કહ્યું પ્રભાતે કે, 'ખોટી છે એ બધી ડંફાસ,
મેં જન્મ લીધો છે, આ તારા આખરી છે શ્વાસ.

હું આજ એને જગાડીશ જાગવા માટે,
જે એને લેવાનો હક છે તે માગવા માટે.

એ જાગશે તો જમાનાને જાગવું પડશે,
જગતથી જુલ્મ-અનિષ્ટોને ભાગવું પડશે.'

તે આંખ ચોળી, ફર્યો પાસું, જોશમાં આવ્યો,
જુઓ, તે ચેત્યો, તે ચમક્યો, તે હોશમાં આવ્યો!
લ્યો ઈન્કિલાબની નોબત ફરીથી વાગે છે!
જગતના શોષકો! ચેતો મજૂર જાગે છે!

૫-૬-'૪૫

☆

## *રાફડાના વાસીને

મણિધર, ઓ ફણીધર; ઓ ધરા પર દોડતી ધારા!
ગળાના હાર શંકરના અને શિરછત્ર ધરનારા!
જગત બસ એક દૃષ્ટિથી જુએ છે દુર્ગુણો તારા,
બધે બદનામ છે નાહક, કહેવાતા ઓ હત્યારા!
"તને છાતીએ ચાંપું રાફડામાં વાસ કરનારા!"

જગતમાં કોઈએ નહિ લેશ તારી વેદના જાણી,
તને વાચા નથી, ના કર્ણ, તું નિર્દોષ છે પ્રાણી;
છતાં મુજ કલ્પનાએ સાંભળી તારી વ્યથા–વાણી,
દુખી છું, તારું દુખ જાણું છું, આજીવન ઓ દુખિયારા!
"તને છાતીએ ચાંપું રાફડામાં વાસ કરનારા!"

રહ્યું સ્વીકારવું મારે કે તારો દંશ દુઃખકર છે;
છતાં ઓ નાગ! આ ઇન્સાન તો તુજથી ભયંકર છે;
ઘડીભર ઝેર તારું, ત્રાસ એનો જિંદગીભર છે,
છતાં એને સલામો, તારી સેવા લાઠીઓ દ્વારા!
"તને છાતીએ ચાંપું રાફડામાં વાસ કરનારા!"

તું ભૂખ્યો થાય ત્યારે દરમહીંથી બહાર આવે છે,
ભર્યા પેટે અમારા નાગ ભૂખ્યાને સતાવે છે;
અહર્નિશ ડોલતા એ શેષ સૃષ્ટિને ધ્રૂજાવે છે,
ન જાણે ક્યાં સુધી રહેશે શિરે એ સાપના ભારા!
"તને છાતીએ ચાંપું રાફડામાં વાસ કરનારા!"

૨૯-૮-'૪૫
*"આંબી કે બાસી" પરથી

✩

## કંકણુ જોતી

એક શ્રીમંતને આવાસ ઊભી સુખ-વૈભવ
એ રીતે આજ હતી એક ભિખારણુ જોતીઃ
જે રીતે કોઈ યુવાનીમાં બનેલી વિધવા,
હોય સૌન્દર્યવતી નારનાં કંકણુ જોતી.

✩

## શૈશવ

હું યુવાનીમાં પ્રવેશ્યો તે છતાં
એ રીતે આવ્યા કરી શૈશવની યાદ,
જાણે કોઈ ઘર તજી જનારને
કોઈ પાછળ દોડીને દેતું હો સાદ.

# ઉત્તર નથી

શક્ય મુજ' દર્શન કિનારા પર નથી,
હું ફક્ત તોફાન છું, સાગર નથી.

પ્રેમ-બિન્દુ છું ભલે સાગર નથી,
માનવી છું, કોઈ પયગમ્બર નથી.

ખેલનારા! જિન્દગીથી ખૂબ ખેલ,
હું ફરીને આવું એ અવસર નથી.

આંખ-વાટે તેઓ દિલમાં આવશે,
મેં અકારણ ધોએલાં ઉંબર નથી.

હાસ્ય મોઢા પર ને પાલવ તાર તાર,
પુષ્પ, શું તારું હૃદય પથ્થર નથી!

અસ્ત મુજ વેરી જશે નવલાં કિરણ,
હું ક્ષિતિજે ડૂબતો દિનકર નથી.

સ્તબ્ધ કાં મુજ સાદ સુણતા થઈ ગયા?
પ્રશ્ન છું પોતે, કોઈ ઉત્તર નથી.

પ્રકૃતિનું મૂળ મેં શોધ્યું 'ગની,'
દિલ નીરસ છે તો કશું સુંદર નથી.

૧-૭-'૫૦

☆

## જખ્મો હસી રહ્યા છે

વરસે છે મેઘ, પુષ્પો રંગત ધરી રહ્યાં છે,
આંખો રડી રહી છે જખ્મો હસી રહ્યા છે.

હું નિજને ખોઈ સઘળું પામી ગયો પ્રણયમાં,
લોકો મને તમારો કહી ઓળખી રહ્યા છે.

હર દૃશ્યમાં તમોને અદૃશ્ય જોઉં છું હું,
હર સાદમાં તમારા પડઘા પડી રહ્યા છે.

છે મારી કલ્પનાની સાથે વિચાર તારા,
જાણે પથિકની પાછળ રસ્તા પડી રહ્યા છે.

શંકાને સાથ લીધી છે તેં જીવન-સફરમાં,
પગ તેથી ઓ મુસાફર! પાછા પડી રહ્યા છે.

ટાઢા દિલે સભામાં બેસી શક્યો ન દીપક,
સંતાપવા પતંગો ટોળે મળી રહ્યા છે.

છે કામમાં, 'ગની'ને બોલાવશો ન કોઈ,
ચીરાએલા હૃદયને બખીયા ભરી રહ્યા છે.

૧૧-૧૧-'૪૫

# અમાસ આજે !

જોવા મને ચહે છે તેઓ ઉદાસ આજે,
હે, પૂર્ણિમા ! જીવનની, થઈ જા અમાસ આજે !

છે પ્રેમના પ્રતાપે દૃષ્ટિ-વિકાસ આજે,
દુખ માત્રને ગણું છું વૈભવ-વિલાસ આજે.

મુખ ફેરવી જનારા પાછું ફરી જરા જો,
અટકી પડ્યો કોઈનો જીવન પ્રવાસ આજે.

હે ચંદ્ર ! વિરહ-રાતે મારાં છે દૂર મુજથી,
તારા ફરી વળ્યા છે તુજ આસપાસ આજે.

મુજ સ્થાન તમ હૃદયમાં હોવું ઘટે, પરંતુ
દુનિયા કરી રહી છે મારો સમાસ આજે.

છે કોઈની લટોમાં હે, પુષ્પ ! વાસ તારો,
એથી જ દઈ રહ્યું છે મીઠી સુવાસ આજે.

આ રાતમાં 'ગની,' શું નિર્માણ છે પ્રલયનું ?
કાં સાંજથી દિસે છે દુનિયા ઉદાસ આજે !

૧૯-૧૧-'૪૭

☆

## દીદાર બાકી છે!

જીવન-સાગર મહીં તારો ફકત આધાર બાકી છે,
સુકાની ચેતજે તોફાન પારાવાર બાકી છે.

ધરાના રજકણો ચૂમી ચરણ તેઓને કહી દેજો:
કે હે, સદ્‌ભાગી! એક દુર્ભાગીનાં પણ દ્વાર બાકી છે.

તપાસી જખ્મ દિલના લૂણની ચપટી ભરી બોલ્યાં:
કે સારો થઈ જશે બીમાર, આ ઉપચાર બાકી છે.

કથન મારું સુણી મુખ ફેરવીને ચાલવા માંડ્યું,
હું કહેતો રહી ગયો કે વારતાનો સાર બાકી છે.

મળી રહેશે તમોને જુલ્મનાં ફળ, ધૈર્યનાં મુજને,
હજી હું જીવતો છું, ને જગત જોનાર બાકી છે.

સમયસર અવયવો સૌ યમને શરણે થઈ જવા લાગ્યાં,
પરંતુ આંખ કહે છે: આખરી દીદાર બાકી છે!

'ગની,' આપ્યું ખુદાએ એક તો અમને વ્યથિત જીવન,
વળી શિર પર લટકતી મોતની તલવાર બાકી છે.

૧૨-૬-'૪૫

✩

# સુમાર જોઉં છું

જ્યારે નિરાશ દિલમહીં કોઈનો પ્યાર જોઉં છું,
રાતના ગર્ભમાં છૂપી જાણે સવાર જોઉં છું.

મારી સફરનો અંત કે આરંભ બસ અહીં થશે,
વિશ્વ પ્રદક્ષિણા ફરી આપનાં દ્વાર જોઉં છું.

મારી વિશાળ આરસી જેના કરોડ કોણ છે,
હું તો જગતની આંખમાં મારો ચિતાર જોઉં છું.

આપનું હાસ્ય જોઈને પુષ્પ હસે છે ઉપવને,
મુજથી રડી પડાય છે, જ્યારે તુષાર જોઉં છું.

પ્રેમમાં દિલ–દિમાગની જોઈ અલગ–અલગ મતિ,
શાંતપણે ઊભો રહી આજ સુમાર જોઉં છું.

જ્યારે જગતની હોય છે મારા પ્રતિ બુરી નજર,
ત્યારે તમારી આંખમાં વિશ્વનો પ્યાર જોઉં છું.

એવા પ્રસંગને 'ગની,' લોક કહે છે જિંદગી!
એક સ્થળે હું કોઈની વાટ લગાર જોઉં છું.

૨૭–૩–'૪૯

☆

# સાચો કવિ

જેના વિચારોની દુનિયા નવી,
તેને હું માનીશ સાચો કવિ.

શુષ્ક જીવનમાં આનંદ આણી શકે,
જોઈ મુખ, વાત અંતરની જાણી શકે;
વ્હેણ જેને સમયનાં ન તાણી શકે,
સત્ય શોધે અને જે રહે વર્ણવી,
તેને હું માનીશ સાચો કવિ.

જેની દાસી બનીને રહે કલ્પના,
જેની દૃષ્ટિને શોધ્યા કરે પ્રેરણા;
હો અચળ જેના સિદ્ધાંત પર્વત સમા,
ધ્યેય રાખે જે મરતાં સુધી જાળવી,
તેને હું માનીશ સાચો કવિ.

એક વિશાળ આત્મ-ઓજસ હો જેની કને,
જેને પગલે નૂતન એક કેડી બને;
જાય બંધાઈ જે પ્રેમનાં બંધને,
પરની દાઝે રહે જેનું હૈયું દ્રવી,
તેને હું માનીશ સાચો કવિ.

છે ખરા અર્થમાં તે કવિતા 'ગની,'
જે રહે એક આદર્શ ગાથા બની;
ભાવના જેમાં હો વિશ્વબંધુત્વની,
લેખિની જેની સર્જે નવો માનવી,
તેને હું માનીશ સાચો કવિ.

૨૯–૯–'૪૫

☆

## ઉલ્લેખ

ખુદાએ મહાકાવ્ય આદમનું સરજી,
કરાવ્યું રજૂ સ્વર્ગમાં હૂર દ્વારા;
કવનમાં હૃદયનો જ્યાં ઉલ્લેખ આવ્યો,
ફરિસ્તાઓ બોલ્યા: 'દુબારા! દુબારા!'

☆

## વિધિ

વિધિએ ક્રૂરતા જ્યારે બતાવી,
હૃદયમાં દાહ દીધો બાળવાને;
દયાળુને દયા આવી ગઈ જ્યાં,
કવન દીધું અગન એ ઠારવાને.

☆

તમારી યાદની સાથે જ આંખમાં આંસુ!
વહે છે 'તાજ'ની સાથે જ નીર જમનાનાં.

# ગુલાબના છોડ

નાના ગુલાબના છોડ રે...
અમે નાના ગુલાબના છોડ !
કરતાં સૌ દોડાદોડ રે...
અમે નાના ગુલાબના છોડ !

આકાશે તારલાઓ ચમકે જે રીતથી,
અજવાળીશું અમે ધરતીને સ્મિતથી;
મોટા અમારા કોડ રે...
અમે નાના ગુલાબના છોડ !

અધખીલ્યાં પુષ્પો સંગ કળિઓનો રાસ છે,
જુદો છે રંગ, જુદી સૌની સુવાસ છે;
શોધી જડે ના જોડ રે...
અમે નાના ગુલાબના છોડ !

પ્રેમે પોષાય છે કોમળ આ ડાળીઓ,
માત-પિતા જાણે આ ઉપવનના માળીઓ;
રહેવા ન પામે ખોડ રે...
અમે નાના ગુલાબના છોડ !

પા પા પગલી છે હજી જીવનનાં દ્વારે,
મોટાં થઈને રહ્યું ચાલવું અમારે;
દુનિયાની જોડાજોડ રે...
અમે નાના ગુલાબના છોડ.

૨-૪-'૫૨

☆

# 'ઝિન્દાબાદ હિન્દુસ્તાન !'

'ઝિન્દાબાદ હિન્દુસ્તાન ! ઝિન્દાબાદ હિન્દુસ્તાન !'
આકાશે ફરકંતું રહેજો ત્રિરંગી નિશાન,
'ઝિન્દાબાદ હિન્દુસ્તાન ! ઝિન્દાબાદ હિન્દુસ્તાન !'

મુક્ત વસંતો, મુક્ત હવાઓ, મુક્ત ઝૂલે હરિયાળી,
મુક્તપણે ઉપવનમાં સૌને ફરવા દેજે માળી !
મુક્ત સ્વરે તું ગાજે બુલબુલ ! મુક્તિ કેરાં ગાન,
'ઝિન્દાબાદ હિન્દુસ્તાન ! ઝિન્દાબાદ હિન્દુસ્તાન !'

કાળ જતાં એ કાળાં વાદળ કાયમનાં વિખરાશે,
પાનખરે મીંએલું ઉપવન પુનઃ લીલુંછમ થાશે;
આઝાદીનાં પર્વ ગણાશે પ્રગતિનાં સોપાન,
'ઝિન્દાબાદ હિન્દુસ્તાન ! ઝિન્દાબાદ હિન્દુસ્તાન !'

રણસંગ્રામે નિત્ય ઝૂઝયા છે કૈંક માડીના જાયા,
પ્રાણ દઈ જેઓએ પૂર્યા આઝાદીના પાયા,
આભમહીંથી પોકારે એ વીરોનાં બલિદાનઃ
'ઝિન્દાબાદ હિન્દુસ્તાન ! ઝિન્દાબાદ હિન્દુસ્તાન !'

તાપ ખમી સંતાપતણો એક નવું ઘડાશે જીવન,
જે જીવનમાં માનવ કરશે માનવતાનાં દર્શન;
ઊંચું મસ્તક લઈને ફરશે આ તારાં સંતાન !
'ઝિન્દાબાદ હિન્દુસ્તાન ! ઝિન્દાબાદ હિન્દુસ્તાન !'

૨૬-૧-'૫૦

# શે ધીરજ ખૂટી ચાલી?

મંગળ પર્વ ફરી આવ્યું પણ જોઈ ન લેશ ખુશાલી!
શે ધીરજ ખૂટી ચાલી!
કાં આશા તૂટી ચાલી!

જાવું દૂર સદૂર અમારે વચ્ચે ડુંગર આડા,
ભોમ લપસણી, જો લપસ્યા તો પડશે ઊંડા ખાડા;
છે વણઝારને એ જ વિમાસણ કેમ નીકળશું હાલી?
શે ધીરજ ખૂટી ચાલી!
કાં આશા તૂટી ચાલી!

મારગમાંહે લાખ લુંટારા ધોળે દિન ઝઝૂમે,
રક્ષક-નામે કૈંક કૃપાળુ ભક્ષક થઈને ઘૂમે;
પડતા, પટકાતા પીડિતનો કોણ લીએ કર ઝાલી?
શે ધીરજ ખૂટી ચાલી!
કાં આશા તૂટી ચાલી!

પંથ અજાણ્યો ખાય પથિક સહુ અંધારામાં આંટા,
વેરી ગયા છે વેરીજનો અહીં ડગલે-ડગલે કાંટા;
ચાલવું પડશે ચાલ પથિક! છો પગ પર આવે ખાલી,
શે ધીરજ ખૂટી ચાલી!
કાં આશા તૂટી ચાલી!

આજ સહુનું દૃષ્ટિબિન્દુ ધ્રુવનો એક સિતારો,
એ જ અમારો નાવિક કરશે બેડો પાર અમારો;
લક્ષ્ય ઉપર લઈ જાશે અમને એ જ અમારો વાલી
શે ધીરજ ખૂટી ચાલી!
કાં આશા તૂટી ચાલી!

૧૫-૯-'૪૯

☆

# કોણ ગયું ચાલી ?

આ અવનિ પર તેજ પાથરી કોણ ગયું ચાલી ?
કોણ ગયું ચાલી ?
કોના વિણ વસવાટ–ભર્યું ઘર લાગે ખાલી ખાલી ?
કોણ ગયું ચાલી ?

કોના વિણ આ ગદ્‌ગદ્‌ હૈયાં, આંખ સહુની રાતી ?
કોના વિણ માભોમની આજે છાતી ફાટી જાતી ?
કેમ અચાનક જતી રહી આ ઉપવન કેરી લાલી ?
કોણ ગયું ચાલી ?

કેમ નીરવ રણ સમ ભાસે છે માનવ-અર્ણવ આજે ?
કોણે લીલીછમ વાડીમાં ભડકાવ્યો દવ આજે ?
શાને કારણ થઈ છે આખા દેશતણી બેહાલી ?
કોણ ગયું ચાલી ?

કોણે કાર્ય અશકય હતું તે શકય કરી દેખાડયું ?
કોણે માનવતાના રક્ષણ કાજ મરી દેખડાયું ?
છોડી આ દંભી દુનિયાને પંથ પ્રભુનો ઝાલી,
કોણ ગયું ચાલી ?

૧૨–૪–'૪૮

# મુક્તિના વ્રતધારી

મુક્તિના વ્રતધારી
ધન ધન તારી જીવનયાત્રા,
ધન ધન જનની તારી,
મુક્તિના વ્રતધારી!

માનવતાની સીમા સમ તું,
વૈષ્ણવજનની વ્યાખ્યા સમ તું;
ટેકની ઉન્નત કક્ષા સમ તું!
અવિચળ શ્રધ્ધા તારી,
મુક્તિના વ્રતધારી!

ભરદરિયે તોફાન શમાવ્યું,
લક્ષ્ય વિશેનું ભાન કરાવ્યું;
છેક ખરાબે ચઢી ગયેલી,
નૌકાને તેં તારી,
મુક્તિના વ્રતધારી!

જ્યાં પાથરતો તું અજવાળાં,
ત્યાં છે વાદળ કાળાં કાળાં;
દિવ્ય પ્રભાકર અસ્ત થયો તું,
છે રજની અંધારી,
મુક્તિના વ્રતધારી!

૧-૨-'૪૮

☆

# શહીદને

શહીદ ! મારા અંતરમાં બાવલું તમારું,
મને જડને ચેતન અર્પનારું;
શહીદ મારા...

ના કોઈ માટીએ એને ઘડેલું,
ના કોઈ ધાતુથી એને મઢેલું;
શિલ્પી હું પોતે સ્મરણની કળાનો,
હૈયાના ગોખમાં ઉતારું;
શહીદ મારા...

55,422

ઉરના ઊંડાણ મહીં શ્રદ્ધાનો રંગ ભરી,
ભાવનાની પીંછીએ નવલો આકાર કરી,
પાંપણ કરી બંધ અંતરના લોચને,
નીરખ્યા કરું એકધારું,
શહીદ મારા....

હૈયે બિરાજતી મૂક એ પ્રતિમા,
દેતી મને વારે વારે સાદ ધીમા ધીમા,
ભૂલી પડેલ મહામૂલી માનવતાને
કર્તવ્ય-પંથે દોરનારું,
શહીદ મારા...

૨૩-૮-૪૯'

☆

# મેઘાણી!

અજબ સાહિત્યનો પીરસી ગયો રસથાળ મેઘાણી!
નવી શૈલી, નવા છંદો, નિરાળા ઢાળ, મેઘાણી!

હવે હે, મોરલા! તારો અષાઢી કંઠ ક્યાં મળશે?
કવનનાં વૃક્ષ પર ખાલી છે તારી ડાળ, મેઘાણી!

સ્મરણમાં નિત નવા લેબાશમાં હું જોઉં છું તુજને,
કદી સાફો કદી વાંકડિયા તારા વાળ, મેઘાણી!

કદી અંધારમાં 'ઇન્સાનિયતના દીવડા' આપ્યા,
કદી 'ધરતીનું ધાવણ' દઈ ઉછેર્યાં બાળ, મેઘાણી!

વગાડી તેં નજાકતથી કદી 'ટાગોરની વીણા'
સરળતાથી સુણાવ્યા ચારણોના ઢાળ, મેઘાણી!

અચાનક તેં સભામાંથી ઊઠીને ચાલવા માંડ્યું,
બધા શ્રોતાઓને હૈયે પડી ગઈ ફાળ, મેઘાણી!

૩-૫-'૪૭

☆

૧-

## સ્વાગત ગીત

આઢ્યતાથી પર, સરળ અને નિખાલસ એવા ગનીભાઈ દહીંવાલાનાં હૃદયસ્પર્શી કાવ્યોનો આનંદ કેટલાય મુશાયરાઓમાં મેં માણ્યો છે. ટૂંકમાં ઘણું કહેવું એ મોટી કળા છે. બ્રહ્માંડને પિંડમાં સમાવવા બરાબર એ કળા સર્વને સાધ્ય નથી, સહજ પણ નથી. ગનીભાઈને એ કળા વરી છે. હૃદયના મર્મને સ્પર્શતી એમની બાની ગીત ગાતી અને કલ્લોલ કરતી "ગાતાં ઝરણાં" રૂપે સાકાર બને છે. નિરાકારને ભજતો માનવ આ રીતે સાકારને પૂજે છે, અને સાકારમાંથી નિરાકારમાં સંચરે છે.

એમનાં "ગાતાં ઝરણાં"માં જે કોઈ નિમજ્જશે તે વૈખરીમાંથી પરામાં પ્રવેશશે અને નિગૂઢ આનંદ માણશે. "ગાતાં ઝરણાં" માટે મારું આ સ્વાગતગીત છે.

—ઓમકારનાથ ઠાકુર

૬-૬-'૫૩